# કાર્યશિક્ષણ

## ધોરણ ત્રીજું







कार्यशिक्षण इयत्ता तिसरी (गुजराती माध्यम)

Tele MANAS
National Tele Mental Health Programme
14416

# ટેલી-માનસ હેલ્પલાઈન

## ટેલી માનસ (આંતરરાજ્ય ટેલી માનસિક સ્વાસ્થ્ય સહાય અને નેટવર્કિંગ)

(૧૪૪૧૬/૧૮૦૦-૮૯-૧૪૪૧૬)

કેન્દ્ર પુરસ્કૃત યોજના ટેલી માનસ રાષ્ટ્રીય માનસિક આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત ઑક્ટોબર ૨૦૨૨થી મહારાષ્ટ્ર રાજ્યમાં પણ અમલમાં મુકવામાં આવી છે. ટેલી માનસ કાર્યક્રમ અંતર્ગત સહાયતા ક્રમાંક (હેલ્પલાઈન નંબર)-૧૪૪૧૬ દ્વારા ૨૪ X ૭ નિ:શુલ્ક એકાત્મિક અને સર્વ સમાવેશક માનસિક આરોગ્ય સેવા પૂરી પાડવામાં આવે છે. જેમાં વિવિધ માનસિક સમસ્યાઓ માટે તજજ્ઞો દ્વારા ઉપચાર અને સમુપદેશન કરવામાં આવે છે. ટેલી માનસ સહાયતા ક્રમાંક પર ફોન કર્યા બાદ તમે આપેલી માહિતી સંપૂર્ણપણે ગોપનીય રાખવામાં આવે છે. જેથી વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોએ નિ:સંકોચ પોતાની સમસ્યા અને શંકા જણાવી તે વિશે માર્ગદર્શન મેળવવું. બીજા લોકોને પણ આ સુવિધા દ્વારા સહાયતા મેળવવા કહેવું. કેન્દ્ર શાસન દ્વારા શરૂ કરાયેલ ટેલી માનસ ઍપમાં ગુજરાતી ભાષામાં પણ ઉપલબ્ધ છે.

## મનોદર્પણ

**મનોદર્પણ સહાયતા ક્રમાંક (હેલ્પલાઈન) 8448440632**

શિક્ષણ મંત્રાલયના નેજા હેઠળ રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને પ્રશિક્ષણ પરિષદ દ્વારા ચાલતા મનોદર્પણ ઉપક્રમના માધ્યમે જુલાઈ ૨૦૨૦થી નિ:શુલ્ક દૂરધ્વનિ સેવા-મનોદર્પણ (૮૪૪૮૪૪૦૬૩૨) વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોને માનસ શાસ્ત્રીય માર્ગદર્શન અને સહાયતા પ્રદાન કરવા માટે અઠવાડિયાના સાતે દિવસ સવારે ૮થી સાંજે ૮ વાગ્યા દરમિયાન ઉપલબ્ધ છે. વિદ્યાર્થી, વાલી અને શિક્ષકો આવશ્યક માર્ગદર્શન અને સમુપદેશન મેળવવા માટે આ હેલ્પલાઈન પર સંપર્ક કરી શકે છે.

શાસન નિર્ણય ક્રમાંક અભ્યાસ - ૨૧૧૬/(પ્ર.ક્ર.૪૩/૧૬) એસડી - ૪
દિનાંક ૨૫-૦૪-૨૦૧૬ અન્વયે સ્થાપિત થયેલી સમન્વય સમિતિની ૧૩-૦૪-૨૦૨૬ રોજની બેઠકમાં આ પાઠ્યપુસ્તક
શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી નિર્ધારિત કરવાની માન્યતા આપવામાં આવી છે.

# કાર્યશિક્ષણ

## ધોરણ ત્રીજું



મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે - ૪૧૧ ૦૦૪

બાજુના ચોરસમાં આપેલા Q.R. Code ને સ્માર્ટફોન વડે સ્કેન કરતા, ડિજિટલ પાઠ્યપુસ્તક તેમ જ પાઠ્યપુસ્તકના ઘટક સંબંધિત દશ્ય, શ્રાવ્ય અને દશ્યશ્રાવ્ય સ્વરૂપમાં અધ્યયન અધ્યાપન સાહિત્ય ઉપલબ્ધ થશે.

प्रथमावृत्ति
२०२६

© महाराष्ट्र राज्य पाठ्यपुस्तक निर्मिति अने अभ्यासक्रम संशोधन मंडळ, पुणे ४११ ००४.

महाराष्ट्र राज्य पाठ्यपुस्तक निर्मिति अने अभ्यासक्रम संशोधन मंडळ पासे आ पुस्तकना बधा हक्क रहेशे. आ पुस्तकनो कोईपण भाग संचालक, महाराष्ट्र राज्य पाठ्यपुस्तक निर्मिति अने अभ्यासक्रम संशोधन मंडळनी लेखित परवानगी वगर छापी शकाशे नहि.


### ✻ कार्यशिक्षण समिति सदस्य ✻

| | |
|---|---|
| श्रीमती पल्लवी आपटे | (अध्यक्ष) |
| श्रीमती लिना तलाठी | (सदस्या) |
| श्रीमती तेजस्विनी म्हस्के | (सदस्य) |
| श्रीमती वंदना फडतरे | (सदस्य) |
| श्री. सुनिल मोरे | (सदस्य) |
| डॉ. रुपेश तांबे | (सदस्य) |
| श्रीमती गीतांजली काशीद | (सदस्य) |
| श्री. अंकित देशमुख | (निमंत्रित सदस्य) |
| श्रीमती रश्मी राजपूरकर | (निमंत्रित सदस्य) |
| श्री. प्रकाश पारखे | (निमंत्रित सदस्य) |
| श्री. विद्याधर म्हात्रे | (निमंत्रित सदस्य) |
| श्रीमती दिपाली जोगदंड | (अभ्यासक्रम समन्वयक) |
| डॉ. अजयकुमार लोळगे | (सदस्य सचिव) |

### ✻ गुणवत्ता समीक्षक ✻

डॉ. एम.जी. गुरव (गुणवत्ता परीक्षक)

ॲड. संदेश साखरे (कायदा निष्णात)

डॉ. अतुल जाधव (CWSN) निष्णात)

### ✻ भाषांतर ✻

**श्रीमती तन्वीबहेन पटेल**

### ✻ भाषांतर संयोजक ✻

**श्रीमती केतकी जानी**

विशेषाधिकारी, गुजराती विभाग तथा
कार्यकारी विद्यासचिव (भाषा), पाठ्यपुस्तक मंडळ, पुणे

### ✻ संयोजन ✻

डॉ. अजयकुमार लोळगे
विशेषाधिकारी, कार्यानुभव (वि.का)
कार्यकारी विशेषाधिकारी, कला
पाठ्यपुस्तक मंडळ, पुणे - ४

### ✻ मुखपृष्ठ अने चित्रकार ✻

श्री. लक्ष्मीकांत काळे,
श्रीमती प्राजक्ता केरकर,



**अक्षरगुंथणी :** मुद्रा विभाग,
पाठ्यपुस्तक मंडळ,
पुणे - ४

**कागळ :** ७० जी.एस.एम. क्रीमवोव्ह

**मुद्रणादेश :**

**मुद्रक :**

### ✻ निर्मिति ✻

श्रीमती मिताली शितप
**कार्यकारी मुख्य निर्मिति अधिकारी**
श्री. प्रशांत हरणे
**निर्मिति अधिकारी**

### ✻ प्रकाशक ✻

श्री. हेमंत बाबर
**कार्यकारी नियंत्रक**
पाठ्यपुस्तक निर्मिति मंडळ,
प्रभादेवी, मुंबई - २५.

# ભારતનું સંવિધાન

## આમુખ

અમે ભારતના લોકો ભારતને એક સાર્વભૌમ સમાજવાદી
બિનસાંપ્રદાયિક લોકતંત્રાત્મક પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત
કરવાનો
તથા તેના સર્વ નાગરિકોને :
સામાજિક, આર્થિક અને રાજકીય .....................ન્યાય
વિચાર, અભિવ્યક્તિ, માન્યતા,
ધર્મ અને ઉપાસનાની ..............................સ્વતંત્રતા
દરજ્જા અને તકની .................................સમાનતા
પ્રાપ્ત થાય તેમ કરવાનો
અને તેઓ સર્વમાં
વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની
એકતા અને અખંડતા સુદૃઢ કરે એવી ...............બંધુતા
વિકસાવવાનો
ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને

અમારી સંવિધાનસભામાં ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ
આથી આ સંવિધાન અપનાવી, તેને અધિનિયમિત કરી
અમને પોતાને અર્પિત કરીએ છીએ.

## ભારતનું સંવિધાન

### ભાગ ૪ ક

# નાગરિકોના મૂળભૂત કર્તવ્યો

**અનુચ્છેદ ૫૧ ક**

**મૂળભૂત કર્તવ્ય - ભારતના પ્રત્યેક નાગરિકનું એ કર્તવ્ય છે કે તેણે -**

(ક) સંવિધાનનું પાલન કરવું. સંવિધાનના આદર્શો, રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર કરવો.
(ખ) સ્વાતંત્ર્ય ચળવળની પ્રેરણા આપનારા આદર્શોનું પાલન કરવું.
(ગ) દેશના સાર્વભૌમત્વ, એકતા અને અખંડતા સુરક્ષિત રાખવા પ્રયત્નશીલ રહેવું.
(ઘ) આપણા દેશનું રક્ષણ કરવું, દેશની સેવા કરવી.
(ઙ) દરેક પ્રકારના ભેદભાવને ભૂલીને એકતા અને બંધુત્વની ભાવના વિકસાવવી. સ્ત્રીઓના સન્માનને ઠેસ પહોંચાડનારી પ્રથાઓનો ત્યાગ કરવો.
(ચ) આપણી સંમિશ્ર સંસ્કૃતિના વારસાનું જતન કરવું.
(છ) નૈસર્ગિક પર્યાવરણનું જતન કરવું. સજીવ પ્રાણીઓ પ્રત્યે દયાભાવ રાખવો.
(જ) વૈજ્ઞાનિક દૃષ્ટિ, માનવતાવાદ અને જિજ્ઞાસાવૃત્તિ કેળવવી.
(ઝ) સાર્વજનિક માલમત્તાનું જતન કરવું. હિંસાનો ત્યાગ કરવો.
(ઞ) દેશની ઉત્તરોત્તર પ્રગતિ માટે વ્યક્તિગત તેમજ સામૂહિક કાર્યમાં ઉત્તમતા-શ્રેષ્ઠતાનું સ્તર જાળવી રાખવાનો પ્રયત્ન કરવો.
(ટ) ૬થી ૧૪ વયજૂથના બાળકોને તેમના વાલીએ શિક્ષણની તક પૂરી પાડવી.

## રાષ્ટ્રગીત

જનગણમન – અધિનાયક જય હે
ભારત – ભાગ્યવિધાતા.
પંજાબ, સિંધુ, ગુજરાત, મરાઠા,
દ્રાવિડ, ઉત્કલ, બંગ,
વિંધ્ય, હિમાચલ, યમુના, ગંગા,
ઉચ્છલ જલધિતરંગ,
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માગે,
ગાહે તવ જયગાથા.
જનગણ મંગલદાયક જય હે,
ભારત – ભાગ્યવિધાતા.
જય હે, જય હે, જય હે,
જય જય જય, જય હે.

## પ્રતિજ્ઞા

ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈબહેન છે.

હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે. હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.

હું મારા માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.

હું મારા દેશ અને દેશબાંધવો પ્રત્યે વફાદારી રાખવાની પ્રતિજ્ઞા લઉં છું. તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ સમાયેલું છે.

## राज्यगीत

जय जय महाराष्ट्र माझा, गर्जा महाराष्ट्र माझा
जय जय महाराष्ट्र माझा, गर्जा महाराष्ट्र माझा ।।धृ।।

भिती न आम्हा तुझी मुळी ही गडगडणाऱ्या नभा
अस्मानाच्या सुलतानीला जबाब देती जिभा
सह्याद्रीचा सिंह गर्जतो शिव शंभू राजा
दरी दरीतून नाद गुंजला महाराष्ट्र माझा
जय जय महाराष्ट्र माझा, गर्जा महाराष्ट्र माझा ।।१।।

काळ्या छातीवरी कोरली, अभिमानाची लेणी
पोलादी मनगटे खेळती, खेळ जीवघेणी
दारिद्र्याच्या उन्हात शिजला
निढळाच्या घामाने भिजला
देश गौरवासाठी झिजला
दिल्लीचे ही तख्त राखितो, महाराष्ट्र माझा
जय जय महाराष्ट्र माझा, गर्जा महाराष्ट्र माझा
जय जय महाराष्ट्र माझा ।।२।।

# પ્રસ્તાવના

બાળમિત્રો,

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ મુજબ, ધોરણ ૩ માટે 'કાર્ય શિક્ષણ' વિષયનું પાઠ્યપુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. તમારી ઉંમર અને અનુભવને ધ્યાનમાં રાખીને તૈયાર કરાયેલ આ પાઠ્યપુસ્તકનો અભ્યાસ કરતી વખતે તમે આનંદ અનુભવશો. તમે નવી નવી પ્રત્યક્ષ કૃતિ અને પ્રવૃત્તિઓ કરી શકશો.

આ પાઠ્યપુસ્તકમાં રોજિંદા જીવનના કાર્યો વિશે માહિતી મળશે. તમે પરિવારના લોકો તેમજ પરિસરના લોકો, વિવિધ વ્યવસાયો અને કારીગરો શું કામ કરે છે તે જાણશો. તમે સારું વર્તન, એકબીજા સાથે યોગ્ય રીતે  વાત કરવી અને સમાજમાં કેવી રીતે રહેવું તે પણ શીખી શકશો.

આ પુસ્તકમાં ઘણી બધી પ્રવૃત્તિઓ આપવામાં આવી છે. જેમ કે- કાગળમાંથી વસ્તુઓ બનાવવી, પાંદડા અને ફૂલોની રંગોળી કરવી, માળા અને તોરણ બનાવવા, બીજમાંથી કલાકૃતિ બનાવવી, માટીમાંથી રમકડાં બનાવવા, આંગણખેતી અને ક્ષેત્રમુલાકાત જેવી પ્રવૃત્તિઓ દ્વારા તમારી કલ્પનાશક્તિ,  હસ્તકૌશલ્ય અને વિચાર કરવાની ક્ષમતા વિકસિત થશે.

પ્રવૃત્તિઓ, ચિત્રો, સંવાદ, વાર્તાઓ, ગીતો અને રમતોને લીધે શીખવાનું સરળ અને વધુ આનંદપ્રદ બનશે. આ પાઠ્યપુસ્તકમાં તમને દરેક પ્રવૃત્તિ જાતે કરીને શીખવાની તક મળશે. શિક્ષક તમારા કાર્ય પર ધ્યાન આપશે અને તમે જે શીખ્યા છો, તે જોશે અને તેની નોંધ કરશે. દરેક વિદ્યાર્થી પોતાની રીતે શીખે, દરેક પ્રવૃત્તિમાં ભાગ લે તેવી અપેક્ષા છે.

પુસ્તકમાં તમને શું ગમ્યું અને તમે બીજી કઈ બાબતોનો સમાવેશ કરવા માંગો છો તે અમને પ્રતિસાદ તરીકે જણાવવાનું ભૂલશો નહીં. તો ચાલો શીખીએ, કરીએ અને આનંદ માણીએ!

તમારા ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ!

(અનુરાધા ઓક)
સંચાલક
મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ
અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.

પુણે
તારીખ: ૧ મે ૨૦૨૬
ભારતીય સૌર દિનાંક: વૈશાખ ૧૧, શકે ૧૯૪૮,
મહારાષ્ટ્ર દિવસ

# શિક્ષકો માટે

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અનુસાર નિર્ધારિત ૫+૩+૩+૪ શૈક્ષણિક માળખાને અનુરૂપ તેમજ પૂર્વતૈયારી તબક્કાને ધ્યાનમાં રાખીને ધોરણ ૩ માટે કાર્યશિક્ષણ વિષયનું પાઠ્યપુસ્તક પ્રથમ વખત તૈયાર કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપવું, તેમના અનુભવવિશ્વ સાથે જોડાયેલું, પ્રવૃત્તિ આધારિત અને આનંદદાયક શિક્ષણ આપવું એ આ પાઠ્યપુસ્તકનો મુખ્ય હેતુ છે. પાઠ્યપુસ્તકની રચના કરતી વખતે પ્રવૃત્તિ અને અનુભવ આધારિત અભિગમનો સમાવેશ કરવામાં આવ્યો છે. અભ્યાસક્રમના ધ્યેયો, ક્ષમતાઓ અને અધ્યયન નિષ્પત્તિઓને ધ્યાનમાં રાખીને ઉપક્રમ અને કૃતિઓની પસંદગી કરવામાં આવી છે. વિદ્યાર્થીઓને દૈનિક જીવનના કાર્યોની ઓળખ, ઘર અને પરિસરના લોકોની ભૂમિકા, સામાજિક જીવનમાં સકારાત્મક વર્તન તેમજ વિવિધ વ્યવસાયો અને કારીગરોના કાર્યનો અનુભવાત્મક પરિચય મળી રહે તે માટે વિવિધ ઉપક્રમોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

વિદ્યાર્થીઓમાં સંવાદ કૌશલ્ય, હસ્તકૌશલ્ય, તકનીકી કૌશલ્ય અને સર્જનાત્મકતાનો વિકાસ થાય તે હેતુથી કાગળકામ, પાન-ફૂલની રંગોળી, તોરણ અને માળા બનાવવી, બીજથી કલાત્મક કૃતિઓ બનાવવી, માટીમાંથી રમકડાં બનાવવાં, આંગણખેતી, ક્ષેત્રમુલાકાત, શબ્દકોયડા જેવી વિવિધ કૃતિ-ઉપક્રમોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ તમામ પ્રવૃત્તિઓને અનુભવ આધારિત ઉદાહરણો સાથે સરળ રીતે સમજાવવામાં આવી છે અને વિદ્યાર્થીઓના જીવન સાથે તેમનો સંબંધ સ્થાપિત કરવામાં આવ્યો છે. આકર્ષક ચિત્રો, પ્રવૃત્તિઓનું પ્રત્યક્ષીકરણ, મનોહર રંગસંગતિ અને પ્રત્યક્ષ કૃતિઓને કારણે આ પાઠ્યપુસ્તક વધુ અસરકારક, રસપ્રદ અને મૈત્રીપૂર્ણ બન્યું છે.

દરેક ઘટકમાં ક્રિયાશીલતા અને વિચારશક્તિને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે તથા તેને ક્ષમતાઓ અને અધ્યયન નિષ્પત્તિઓ સાથે સાંકળવામાં આવ્યો છે. સંવાદ, વાર્તાઓ અને ગીતોનો ઉપયોગ કરીને અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાને આનંદદાયક બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ પાઠ્યપુસ્તકની વિશેષતા એ છે કે તેમાં પ્રત્યક્ષ કૃતિ આધારિત શિક્ષણને વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે. આ પ્રવૃત્તિઓ વર્ગખંડમાં તેમજ વર્ગખંડની બહાર પણ સરળતાથી કરી શકાય તે માટે દરેક ઘટકના અંતે ગુલાબી ચોરસમાં શિક્ષકો માટે માર્ગદર્શક સૂચનાઓ આપવામાં આવી છે.

વિશેષ જરૂરિયાત ધરાવતા વિદ્યાર્થીઓ માટે અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા દરમિયાન સાંકેતિક ભાષા (Sign Language) તેમજ અન્ય પૂરક અધ્યાપન પદ્ધતિઓનો ઉપયોગ કરવો. આવા વિદ્યાર્થીઓને તેમને અનુકૂળ હોય તે રીતે પોતાને વ્યક્ત થવાની પૂરતી તક આપવી.

અભ્યાસક્રમના ધ્યેયો (અ.ધ્યે.), ક્ષમતાઓ (ક્ષ.), અધ્યયન નિષ્પત્તિઓ (અ.નિ.), અધ્યયન અનુભવો તથા મૂલ્યાંકન પદ્ધતિઓને ધ્યાનમાં રાખીને સરકાર દ્વારા નિર્ધારિત સમયપત્રક મુજબ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. અધ્યયન નિષ્પત્તિઓ કેટલી અસરકારક રીતે સાધ્ય થઈ છે તે જાણવા માટે વિવિધ માપદંડોના આધારે સતત અને સર્વાંગી મૂલ્યાંકન કરવું. વિશેષ જરૂરિયાત ધરાવતા વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરતી વખતે સંવેદનશીલતા દાખવીને તેમને પોતાને વ્યક્ત કરવાની તથા પ્રવૃત્તિમાં સક્રિયપણે ભાગ લેવાની પૂરતી તક આપવી.

વિદ્યાર્થીઓની ક્ષમતાઓના વિકાસ માટે ઘણા શિક્ષકો નવીન અને સર્જનાત્મક ઉપક્રમો કરી રહ્યા છે. આવી પ્રવૃત્તિઓની માહિતી તથા ફોટોગ્રાફ પાઠ્યપુસ્તક મંડળને મોકલવા વિનંતી છે. આ પાઠ્યપુસ્તકનો અભયસ કર્યા પછી શિક્ષકો તથા સંબંધિત તમામ વ્યક્તિઓ પોતાના સૂચનો અને અભિપ્રાયો પાઠ્યપુસ્તક મંડળ સુધી પહોંચાડશે તેવી અપેક્ષા છે. આપના નવા વિચારો અને સર્જનાત્મક ઉપક્રમોનું હાર્દિક સ્વાગત છે.

૨૧મી સદીનો વિદ્યાર્થી સક્ષમ, સર્જનાત્મક અને જવાબદાર નાગરિક બને તે માટે આ પાઠ્યપુસ્તક દ્વારા એક સકારાત્મક પગલું ભરવામાં આવ્યું છે. આ પ્રયત્નને સૌનો સહકાર પ્રાપ્ત થાય તેવી હાર્દિક અપેક્ષા.

**કાર્યશિક્ષણ (વિષય સમિતિ)**

પાઠ્યપુસ્તક મંડળ, પુણે

# અભ્યાસક્રમ, અધ્યયન ક્ષમતા, ઘટક અને અધ્યયન નિષ્પત્તિઓ

| | |
|---|---|
| અભ્યાસક્રમ ધ્યેય : CG-1 : દૈનિક કાર્યો વિશે માહિતી મેળવવી. | |
| અભ્યાસક્રમ ક્ષમતા : C--1.1 : ઘરની વ્યક્તિઓના દૈનિક કાર્યો વિશે માહિતી જણાવવી. | |
| **ઉપઘટક** | **અધ્યયન નિષ્પત્તિ (LOs)** — ઘટક : દૈનિક કાર્યો |
| ૧) કુટુંબના દૈનિક કાર્યો | ૧) ઘરની વ્યક્તિઓના દૈનિક કાર્યોનું નિરીક્ષણ કરે છે. |
| ૨) ઘરના સાધનો | ૨) ઘરના કામો કરતી વખતે વપરાતા સાધન-સામગ્રી વિશે માહિતી મેળવે છે. |
| ૩) સાધનોનો ઉપયોગ | ૩) ઘરના વિવિધ સાધનોના ઉપયોગ પોતાના શબ્દોમાં જણાવે છે. |
| ૪) ઘરકામમાં મદદ | ૪) પોતાની રૂચિ અને ક્ષમતા મુજબ ઘરકામમાં મદદ કરે છે. |
| અભ્યાસક્રમ ક્ષમતા : C-1.2. : પરિસરની વ્યક્તિઓના દૈનિક કાર્યો વિશે માહિતી મેળવવી અને તેના વિશે જણાવવું. | |
| ઘટક : આસપાસના કાર્યોની ઓળખ. | |
| ૧) પરિસરની વ્યક્તિઓ અને તેમનું કામ | ૫) પરિસરની વ્યક્તિઓના કામનું નિરીક્ષણ કરે છે. |
| ૨) કામનો ઉપયોગ | ૬) પરિસરની વ્યક્તિઓના કામના ઉપયોગ જણાવે છે. |
| | ૭) પરિસરની વ્યક્તિઓના કામનો અનુભવ જણાવે છે. |
| અભ્યાસક્રમ ધ્યેય : CG-2 : સામાજિક જીવન જીવતી વખતે સકારાત્મક વર્તન કરવું. | |
| અભ્યાસક્રમ ક્ષમતા : C-2. 1. : ઘરમાં અને સમાજમાં રહેતી વખતે સકારાત્મક વર્તન રાખવું. | ઘટક : આપણું વર્તન |
| ૧) સકારાત્મક વર્તન | ૮) કુટુંબની વ્યક્તિઓના સકારાત્મક વર્તનનું નિરીક્ષણ કરે છે. |
| ૨) અનુકરણ | ૯) કુટુંબની વ્યક્તિઓના સકારાત્મક વર્તનનું અનુકરણ કરે છે. |
| ૩) કુટુંબ અને સુરક્ષા | ૧૦) કુટુંબની સુરક્ષા સમજીને તે મુજબ વર્તન કરે છે. |
| ઘટક – સમાજ | |
| ૧) સામાજિક વર્તનના નિયમો | ૧૧) સામાજિક વર્તનના નિયમો સમજીને તે મુજબ વર્તન કરે છે. |
| ૨) કટોકટીની પરિસ્થિતિમાં વર્તન | ૧૨) કટોકટીની પરિસ્થિતિનો અર્થ સમજે છે. |
| ૩) સ્વસુરક્ષા | ૧૩) સ્વસુરક્ષા અંગે માહિતી મેળવે છે. |
| અભ્યાસક્રમ ધ્યેય : CG-3 : વિવિધ વ્યવસાયિકો અને / કારીગરોના કાર્યો પ્રત્યે ઉત્સુકતા અને રસ દર્શાવે છે. | |
| અભ્યાસક્રમ ક્ષમતા : C-3.1 : આસપાસના વ્યવસાયો અને વ્યવસાયિકો કાર્યો વિશે માહિતી મેળવવી. | |
| ઘટક : પરિસર અને વ્યવસાય. | |
| ૧) વ્યવસાયની ઓળખ | ૧૪) પરિસરના વ્યવસાયોનો પરિચય કેળવે છે. |
| ૨) પરિસરના પરંપરાગત વ્યવસાયો | ૧૫) પરિસરના પરંપરાગત વ્યવસાયો વિશે માહિતી મેળવે છે. |
| ૩) પરિસરના આધુનિક વ્યવસાયો | ૧૬) પરિસરના પરંપરાગત અને આધુનિક વ્યવસાયો વચ્ચેનો તફાવત સમજીને માહિતી મેળવે છે. |
| ૪) વ્યવસાયમાં તફાવત | ૧૭) પરંપરાગત અને આધુનિક વ્યવસાય વચ્ચેનો તફાવત જણાવે છે. |
| ૫) શ્રમપ્રતિષ્ઠા | ૧૮) પરિસરના વ્યવસાયિકો અને કારીગરોના કામ પ્રત્યે આદરભાવ રાખે છે. |
| **અભ્યાસક્રમ ક્ષમતા** : C-3.2 : પરિસરના સજીવ આધારિત ઉત્પાદક કાર્યો વિશે માહિતી મેળવવી. | ઘટક : પ્રકૃતિ એક સ્રોત |
| **ઉપઘટક** | **અધ્યયન નિષ્પત્તિ (LOs)** |
| ૧)આંગણખેતી | ૧૯) આંગણખેતીના કામ વિશે માહિતી મેળવે છે. |
| ૨) પશુ-પક્ષીઓ સંબંધિત વ્યવસાયો | ૨૦) પશુ-પક્ષીઓ સાથે સંબંધિત વ્યવસાયો વિશે માહિતી મેળવે છે. |
| **અભ્યાસસ્ક્રમ ધ્યેય** : CG-4 : વિવિધ કૌશલ્યનો વિકાસ કરવો. | |
| અભ્યાસક્રમ ક્ષમતા : C-4.1 હસ્ત, સંભાષણ અને તકનીકી કૌશલ્યનો વિકાસ કરવો. | ઘટક : કૌશલ્ય વિકાસ |
| ૧) હસ્તકૌશલ્ય | ૨૧) દૈનિક કામ માટે જરૂરી કૌશલ્યો વિશે જાણે છે. |
| | ૨૨) હસ્તકૌશલ્યનો ઉપયોગ કરીને વિવિધ વસ્તુઓ બનાવે છે. |
| ૨) સંભાષણ કૌશલ્ય | ૨૩) સંભાષણ કૌશલ્યનો ઉપયોગ કરીને સંવાદ સાધે છે. |
| ૩) તકનીકી કૌશલ્ય | ૨૪) દૈનિક ઉપયોગની વસ્તુઓમાં રહેલી તકનીક સમજીને તેનો યોગ્ય ઉપયોગ કરે છે. |

# અનુક્રમણિકા


| અ. ક્ર. | ઘટક | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | દૈનિક કાર્યો | ૧ |
| ૨. | સાધનોનો ઉપયોગ | ૩ |
| ૩. | ઘરકામમાં મદદ | ૭ |
| ૪. | પાકકળા | ૧૦ |
| ૫. | મારું પરિસર | ૧૧ |
| ૬. | આંગણખેતી | ૧૪ |
| ૭. | પરિસરની વ્યક્તિ અને તેમના કાર્યો | ૨૦ |
| ૮. | કાર્યોના ઉપયોગ | ૨૫ |
| ૯. | હસ્તકલા | ૨૯ |
| ૧૦. | આપણું વર્તન : સકારાત્મક વર્તન | ૩૨ |
| ૧૧. | કુટુંબ અને સુરક્ષા | ૩૫ |
| ૧૨. | સામાજિક વર્તનના નિયમો | ૩૯ |
| ૧૩. | કટોકટીની પરિસ્થિતિઓમાં વર્તન | ૪૩ |
| ૧૪. | સ્વ-સુરક્ષા યોગ્ય સ્પર્શ/અયોગ્ય સ્પર્શ | ૪૫ |
| ૧૫. | પરિસરના વ્યવસાયોની ઓળખ | ૪૮ |
| ૧૬. | શ્રમપ્રતિષ્ઠા | ૫૬ |
| ૧૭. | હસ્તકૌશલ્ય | ૫૭ |
| ૧૮. | પશુ-પક્ષીઓ સંબંધિત વ્યવસાયો | ૫૯ |
| ૧૯. | મત્સ્યવ્યવસાય | ૬૪ |
| ૨૦. | આવશ્યક કૌશલ્યો | ૬૬ |
| ૨૧. | તંત્રજ્ઞાનમાં ફેરફાર | ૭૪ |
| ૨૨. | સંગણકના ભાગોની ઓળખ | ૭૬ |




**નોંધ :** વિશેષ જરૂરિયાતો ધરાવતા વિદ્યાર્થીઓ માટે અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા દરમિયાન સાંકેતિક ભાષા અને અન્ય પૂરક અધ્યાપન પદ્ધતિઓનો ઉપયોગ કરવો. વિશેષ જરૂરિયાતો ધરાવતા વિદ્યાર્થીઓને જે રીતે શક્ય હોય તે રીતે વ્યક્ત થવાની તક આપવી.

# ૧. દૈનિક કાર્યો

દૈનિક કાર્યો એટલે એવા કાર્ય જે દરરોજ કરવા જરૂરી છે. આ કાર્યો સમયસર અને યોગ્ય રીતે કરવાથી આપણું જીવન શિસ્તબદ્ધ અને આનંદી રહે છે. આપણને સારી ટેવો પડે છે અને આપણે નીરોગી તથા જવાબદાર બનીએ છીએ, તેથી દૈનિક કાર્યોનું આપણા જીવનમાં ખૂબ મહત્વ છે.

## મારી કૃતિ

**૧. આપેલા ચિત્રોનું નિરીક્ષણ કરો. કોણ શું કરી રહ્યું છે, તે વિશે વાતચીત કરો.**













## ૨. કોણ શું કરે છે?

ચિત્રનું નિરીક્ષણ કરીને કોણ કયું કામ કરી રહ્યું છે, તે તમારા શબ્દોમાં લખો.

૧) દાદી – ..........................................................

૨) મોટી બહેન – ..........................................................

૩) પિતા – ..........................................................

૪) દાદા – ..........................................................

૫) માતા – ..........................................................

૬) મોટો ભાઈ – ..........................................................

**૩. તમારા ઘરની વ્યક્તિઓ કયા-કયા કામ કરે છે, તેની માહિતી નીચેના ચોરસમાં લખો.**




- ઘરનાં દૈનિક કાર્યો વિશે વાતચીત કરવી.

અ. ધ્યે. ૧
ક્ષ. ૧. ૧.
અ. નિ. ૧

# ૨. સાધનોનો ઉપયોગ

આપણે દરરોજ અનેક કાર્યો કરીએ છીએ. આ કાર્યો કરવા માટે વિવિધ વસ્તુઓની જરૂર પડે છે. આવી  વસ્તુઓને સાધનો કહેવાય છે. ચાલો કેટલાક સાધનો વિશે જાણીએ.


આડણી – વેલણ


ઝાડુ


તવો


કથરોટ


સાવરણો


બાલદી


શૌચાલય સાફ કરવાનું બ્રશ


ઝારી


દાતરડું


ઘમેલું


તપેલી


કાંસકો

## મારી કૃતિ



**૧. ચિત્રોનું નિરીક્ષણ કરો. ચિત્રમાં આપેલી વસ્તુઓનાં નામ જણાવો અને તેનો ઉપયોગ લખો.**

| વસ્તુ (ચિત્ર) | વસ્તુનું નામ | ઉપયોગ |
|---|---|---|
|  | | |
|  | | |
|  | | |
|  | | |

| | | |
|---|---|---|
|  | | |
|  | | |
|  | | |

૨. ઘરમાં દૈનિક કાર્ય માટે વપરાતા સાધનોના ચિત્રો એકઠા કરીને ચોંટાડો અને તેની નીચે તેનું નામ અને ઉપયોગ લખો.

નામ ..........
ઉપયોગ ..........

નામ ..........
ઉપયોગ ..........

નામ ..........
ઉપયોગ ..........

નામ ..........
ઉપયોગ ..........

નામ ..........
ઉપયોગ ..........

નામ ..........
ઉપયોગ ..........

નામ ..........
ઉપયોગ ..........

નામ ..........
ઉપયોગ ..........

નામ ..........
ઉપયોગ ..........

## ૩. મારો જોડીદાર શોધો

રોટલી



ગૅસ સગડી



પૂરી



ફૂલછોડ



માટી



ઘાસ



કડાઈ



ઝારી



તવો



લાઇટર



ઘાસ કાપવાની કાતર



ઘમેલું



## ૪. ઓળખો જોઈએ - હું કોણ?

૧) રોટલી-ભાખરીનો લોટ બાંધવા માટે વપરાય છે. ..............................

૨) ફૂલછોડને પાણી પાવા માટે ઉપયોગી. ..............................

૩) છોડ વાવતી વખતે ખાડો ખોદવા માટે ઉપયોગી. ..............................

૪) દાણા ખાંડવા માટે વપરાય છે. ..............................

૫) ગરમ તપેલી ઉપાડવા માટે વપરાય છે. ..............................

૬) છીણવા માટે ઉપયોગી. ..............................

૭) વીજળી ન હોય ત્યારે મસાલો વાટવા માટે ઉપયોગી. ..............................

૮) અસ્વચ્છ હાથ સાફ કરવા માટે ઉપયોગી. ..............................

૯) અનાજ ઝાટકવા માટે વપરાતું સાધન. ..............................

૧૦) ગેસની સગડી અથવા ચૂલો સળગાવવા માટે વપરાય છે ..............................



- વાતચીતમાં વિદ્યાર્થીને તેના ઘરે રસોઇ, સ્વચ્છતા, બાગકામ જેવા કાર્યો માટે કયા સાધનો વપરાય છે, તે પૂછ્યું. તેની યાદી તૈયાર કરાવવી.

અ. ધ્યે. ૧
ક્ષ. ૧.૨
અ. નિ. ૨,૩

# ૩. ઘરકામમાં મદદ

ઘરની તમામ વ્યક્તિઓએ એકબીજાને કામમાં મદદ કરવી જોઈએ. તેથી કાર્ય ઝડપથી થાય છે. જવાબદારીની ભાવના કેળવાય છે. સ્વચ્છતા અને સુઘડતાની ટેવ પડે છે. કુટુંબમાં પ્રેમ અને સહકાર વધે છે.

## મારી કૃતિ

### ૧. ચાલો ગીત ગાઈએ

ચાલો આપણે સૌ વિચાર કરીએ,
ઘરના કાર્યોમાં મદદ કરીએ.

મમ્મી-દાદીને રસોઈકામમાં મદદ કરીએ,
રસોઈ કરીને, સૌ સાથે જમવા બેસીએ.

ભાઈ સુધારે શાકભાજી, આપણે પણ સુધારીએ,
થયેલો કચરો ઉપાડીને, ભાઈને મદદ કરીએ.

દાદા બગીચામાં કામ કરે છે, તેમને મદદ કરીએ,
છોડવાઓને પાણી પાઈને, છોડ મોટા કરીએ.

કાકા-પપ્પા શાકભાજી લાવે છે, કાપડની થેલી આપીએ,
થેલી ઊંચકીને બંનેને મદદ કરીએ.

બહેન - કાકી રંગોળી પૂરે છે, તેમને મદદ કરીએ,
રંગો પૂરીને સુંદર રંગોળી બનાવીએ.

ઘરકામમાં મદદ કરીએ,
મદદ કરી સૌને આનંદ આપીએ.

- સૂરતાલ સહિત ગીત ગવડાવવું. ઘરનાં કાર્યોમાં મદદ કરવાથી થતા ફાયદા સમજાવવા.

૨. નીચેના ચિત્રોમાં ઘરની વ્યક્તિઓ જુદા-જુદા કાર્ય કરી રહી છે. તેમાંથી તમે જે કામમાં મદદ કરતા હોય, તે કામના ચિત્રની સામે ✓ કરો.

















## ૩. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.

૧. શું તમે ઘરકામમાં મદદ કરો છો?

..............................................................................................................

૨. તમે મદદ કરતા હોય તેવા ઓછામાં ઓછા પાંચ કાર્યોની યાદી બનાવો.

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................



અ. ધ્યે. ૧
ક્ષ. ૧.૧.
અ. નિ. ૪

• વિદ્યાર્થીઓ પાસે ઘરના કાર્યો કરવાનું નાટ્યીકરણ કરાવવું.

# ૪. પાકકળા

ઘરમાં ઉપલબ્ધ સામગ્રીનો ઉપયોગ કરીને પણ સ્વાદિષ્ટ વાનગીઓ બનાવી શકાય છે. તેમાંથી પોષક તત્વો પણ મળી રહે છે. આજે આપણે ઇંધણરહિત (ગૅસ/અગ્નિ વગર) વાનગી બનાવવાના છીએ.

## મારી કૃતિ

નીચેના ચિત્રનું નિરીક્ષણ કરો અને ઉપલબ્ધ સામગ્રી તથા સાધનોનો ઉપયોગ કરીને દાબેલા પૌંઆ (દડપે પોહે) તૈયાર કરો.

### સાધન - સામગ્રી

પૌંઆ, કાંદા, લીલા મરચાં, ખારા શીંગદાણા, ખાંડ, મીઠું, લીંબુ, ટામેટાં, લીલા નાળિયેરની છીણ, ચમચી, વાટકી અને વાસણ.



૧. વાસણમાં પૌંઆ લો.




૨. કાંદા, ટામેટાં અને મરચાં ઝીણાં સમારી લો.



૩.પૌંઆમાં સમારેલા કાંદા, ટામેટાં, મરચાં, શીંગદાણા, છીણેલું કોપરું, ખાંડ, મીઠું ભેગું કરો અને લીંબુનો રસ ઉમેરીને બરાબર હલાવી લો.



૪. પૌંઆના વાસણ પર થાળી ઢાંકો.



૫. ઢાંકેલી થાળી પર કોઈ ભારે વસ્તુ મૂકીને ૧૫ મિનિટ સુધી તેમજ રહેવા દો.



૬. તૈયાર છે 'દાબેલા પૌંઆ'

અ. ધ્યે. ૪
ક્ષ. ૪.૧
અ. નિ. ૨૨

- દાબેલા પૌંઆ બનાવવા માટે જરૂરી સામગ્રી મંગાવીને વર્ગખંડમાં પોતાની હાજરીમાં આ વાનગી તૈયાર કરાવવી.

# ૫. મારું પરિસર

આપણું ઘર અને તેની આસપાસનો વિસ્તાર એટલે પરિસર. આમાં શાળા, રસ્તા, ઘર, ઝાડ, બગીચા, પ્રાણીઓ, પક્ષીઓ, ખેતી, માટી, પથ્થરો, નદી, નાળા, દવાખાનું, બસ સ્ટૅન્ડ, રેલવે સ્ટેશન જેવી તમામ સજીવ અને નિર્જીવ વસ્તુઓનો સમાવેશ થાય છે.

**૧. શહેરી પરિસર**



## ૨. ગ્રામીણ પરિસર



## મારી કૃતિ

### ૧. આપેલા ચિત્રો વિશે ચર્ચા કરો.

૧) આપેલા બે ચિત્રો વચ્ચેનો તફાવત જણાવો.
૨) ચિત્રમાં બાળકો ક્યાં જઈ રહ્યાં છે?
૩) તમને શાળાએથી ઘરે આવતી વખતે શું શું દેખાય છે?
૪) તમારા પરિસરની ઓછામાં ઓછી પાંચ વસ્તુઓનાં નામ જણાવો?

### ૨. તમારા પરિસરનું ચિત્ર દોરો.

અ. ધ્યે. ૧
ક્ષ. ૧.૨
અ. નિ. ૫

- શહેરી પરિસર અને ગ્રામીણ પરિસર વચ્ચેનો તફાવત સમજાવવો.

# ૬. આંગણખેતી

ઘર, શાળા અથવા પરિસરમાં ઉપલબ્ધ જગ્યામાં છોડ વાવીને બનાવેલો નાનો બગીચો એટલે આંગણખેતી. આંગણખેતીમાં નાના પાયે શાકભાજી અને ફળો ઉગાડવામાં આવે છે. આંગણખેતીમાં વેલાવાળા શાકભાજી, પાંદડાવાળા શાકભાજી, ઔષધીય વનસ્પતિઓ અને ફળના ઝાડ વાવવામાં આવે છે. જેમ કે ગુવાર, ભીંડા, લીલી ચા, ટામેટાં, કાકડી, લીંબુ, અજમો, આદુ, ગલકાં, કારેલાં, નાળિયેર, જામફળ, સીતાફળ, તુલસી, ફૂલછોડ વગેરે.

આંગણખેતીમાં આ બધી વસ્તુઓ વાવવાથી આપણને તાજાં ફળો, ફૂલો, પાન, શાકભાજી અને ઔ-ષધીય વનસ્પતિઓ મળે છે.

આંગણખેતીમાં વાવવા માટે ફળના ઝાડ, શાકભાજી અને ફૂલછોડના રોપાઓ સરકારી રોપવાટિકા, કૃષિ વિદ્યાપીઠ અથવા ખાનગી રોપવાટિકામાંથી મળી રહે છે.

આંગણખેતીને લીધે તાજાં ફળો અને શાકભાજી મળે છે. તેથી આપણને યોગ્ય પોષણ મળી રહે છે અને સ્વાસ્થ્ય સુધારવામાં મદદ થાય છે. બજારમાંથી શાકભાજી અને ફળો ખરીદવાનો ખર્ચ ઘટે છે. જો વધુ ઉત્પાદન થાય, તો તેને વેચીને આવક પણ મેળવી શકાય છે.



## મારી કૃતિ

૧) તમે મુલાકાત લીધેલ આંગણખેતીમાં ઊગેલા ઝાડનાં નામ લખો.

..................................................................................................................................

૨) શાળા અથવા ઘરની આંગણખેતીમાં ઉગાડવા માટે તમે કયા ઝાડ અને રોપા પસંદ કરશો?

..................................................................................................................................

3) શબ્દકોયડામાં છુપાયેલી ઔષધીય વનસ્પતિઓનાં નામ શોધીને લખો.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ક | આ | થા | ડા | પા | ગ | લી |
| ડ | મ | સ | હ | ચ | ર | લી |
| વો | ળા | તુ | લ | સી | ડ | ચા |
| લી | બ્રા | હ્મી | દ | ડૂ | આ | વ |
| મ | દુ | વી | મ | ર | દુ | બ |
| ડો | ળ | વે | પ | અ | ડા | સ |
| ગ | ળો | હ | ળ | દ | ર | લ |

- પરિસરની આંગણખેતી કે શાકભાજીની વાડીની મુલાકાત લઈ ત્યાંના શાકભાજી અને ફળઝાડ વિશે માહિતી આપવી.
- આંગણખેતીમાં કયા ફળભાજી, પાંદડાવાળી ભાજી, ફૂલછોડ અને ફળઝાડ દેખાયા તેની યાદી તૈયાર કરવા કહો.
- ક્ષેત્ર મુલાકાતનો ઉપક્રમ યોજવો ફરજિયાત છે.







## મારી કૃતિ

**૧) આંગણખેતીના શાકભાજીનાં નામ જણાવો.**

---

**૨) તમને ભાવતા શાકભાજીની યાદી તૈયાર કરો.**

---

**૩) અયોગ્ય ઘટક ઓળખી તેની ફરતે ગોળ કરો.**

૧) ટામેટાં, રીંગણ, મેથી, શિમલા મરચાં.

૨) કારેલાં, કાકડી, ગલકાં, તાંદળજો.

૩) પાલક, આદુ, કોથમીર, મેથી.

૪) ગાજર, બીટ, મૂળા, ભીંડા.

- શાળાની આંગણખેતીમાં વૃક્ષોને પાણી પાવાનું આયોજન કરવું.
- પૌષ્ટિક આહાર માટે જરૂરી શાકભાજી અને ફળભાજી શાળાની આંગણખેતીમાં ઉગાડવા કહેવું.
- વાલી સાથે શાકભાજી બજાર અથવા સાપ્તાહિક બજારની મુલાકાત લેવા કહો.

## ◈ કુંડામાં છોડ રોપવા

ક્યારેક ક્યારેક રોપ ઉગાડવા માટે ઘરમાં કે શાળામાં જગ્યા ઉપલબ્ધ હોતી નથી. આવા સમયે છોડનું વાવેતર કુંડામાં કરવામાં આવે છે.

કુંડાના વિવિધ આકારો



### મારી કૃતિ

૧. ચિત્રમાં આપેલા કુંડાને સુશોભિત કરો.



- કયા ક્યાં રોપ કુંડામાં વાવી શકાય છે, તે અંગે માહિતી આપવી.
- કુંડામાં પ્રત્યક્ષ રોપ વાવી વિદ્યાર્થીઓને નિરીક્ષણ કરવા કહેવું.

### ◈ મારો નાનો બગીચો

**આંગણખેતીના કામો :** આંગણખેતીમાં વૃક્ષોને પાણી પાવું, માટી ખોદવી , ખાતર ભેળવવું, નીંદણ કરવું, વાડ કરવી, બીજ વાવવા, નવા છોડ લગાવવા અને છોડના વિકાસનું નિરીક્ષણ કરવું જેવા કાર્યો કરવા પડે છે. આ કરતી વખતે આંગણખેતીના સાધનો સાવચેતીપૂર્વક વાપરવા અને કાર્ય પૂરું થયા પછી પોતાની સ્વચ્છતા રાખવી જરૂરી છે.



મારી કૃતિ

**૧) તમે વાવેલા રોપ પર તેના નામની ચિઠ્ઠી લગાવો.**

**૨) આંગણખેતીમાં કાર્ય કરતી વખતે જોઈતા સાધનોની યાદી તૈયાર કરો.**

અ. ધ્યે. ૩
ક્ષ. ૩.૨
અ. નિ. ૧૯

• આંગણખેતીમાં કાર્ય કરતી વખતે રાખવાની સાવચેતી અંગે માર્ગદર્શન આપવું.

## ૩) પાલક - મેથીનું કચુંબર

આંગણખેતીમાં વિવિધ પાંદડાવાળી શાકભાજી ઉગાડવામાં આવે છે. આ પાંદડાવાળી શાકભાજીનો ઉપયોગ કરીને પૌષ્ટિક કચુંબર તૈયાર કરી શકાય છે.

### મારી કૃતિ

નીચેની સામગ્રીનો ઉપયોગ કરીને પાલક-મેથીનું કચુંબર તૈયાર કરો.

**સામગ્રી**

મેથી અને પાલકના પાન, કાંદા, ટામેટાં, મીઠું, લીંબુ, મરચું, ચાટ મસાલો, તપેલી, મોટી ચમચી, છરી વગેરે.

કૃતિ : મેથી અને પાલકનાં પાન વીણીને ધોઈ લો અને ચાળણીમાં નિતારવા મૂકો. ટામેટાં પણ ધોઈ લો. મેથી, પાલક, કાંદા અને ટામેટાં ઝીણાં સમારી લો અને એક તપેલીમાં આ બધી સમારેલી સામગ્રી ભેગી કરો. તેમાં સ્વાદ મુજબ મીઠું, મરચું અને થોડો ચાટ મસાલો ઉમેરીને ચમચી વડે બરાબર હલાવી લો. તૈયાર થયેલું પૌષ્ટિક અને સ્વાદિષ્ટ મેથી-પાલકનું કચુંબર બધાએ સાથે મળીને ખાવું.



- સંબંધિત પદાર્થ બનાવવાં માટે વિદ્યાર્થીઓને ઉપલબ્ધતા મુજબ સામગ્રી લાવવા કહેવું.
- વિદ્યાર્થીઓના સહભાગથી આ કૃતિ કરાવવી.

# ૭. પરિસરની વ્યક્તિ અને તેમના કાર્યો

પરિસરની અનેક વ્યક્તિઓ જુદા જુદા કાર્યો કરે છે. તેના લીધે આપણું જીવન સરળતાથી ચાલે છે. તેમાંથી કેટલાક કાર્યો વિશે માહિતી મેળવીએ.



દૂધવાળો



દરજી



ફૂલ- હાર વેચનાર



દર્દીને તપાસતા ડૉક્ટર



સફાઈ કામદાર



ફળ વિક્રેતા



વર્તમાનપત્ર વેચનાર



ઘોડિયાઘર




મોબાઇલ વેચાણ કેન્દ્ર

- ચિત્રમાં આપેલા વ્યવસાયિકોના કાર્યો વિશે માહિતી આપવી.

## મારી કૃતિ

**૧. તમારા પરિસરમાં જોવા મળતા અને આના કરતા જુદો વ્યવસાય કરતા લોકો વિશે માહિતી મેળવો.**

**૨. તમારા વિસ્તારમાં જોવા મળતી બીજી વ્યક્તિઓના કાર્યોના ચિત્રો ભેગા કરી અહીં ચોંટાડો.**

| | |
|---|---|
| | |
| | |

- વિવિધ વ્યવસાયિકોના ચિત્રો અથવા ફ્લેશકાર્ડ બતાવીને તેમના વિશે માહિતી આપવી..

## ૩. મારું કાર્ય ઓળખો



કાર્ય : ..................................

..........................................



કાર્ય : ..................................

..........................................



કાર્ય : ..................................

..........................................



કાર્ય : ..................................

..........................................



કાર્ય : ....................................

..........................................



કાર્ય : ....................................

..........................................



કાર્ય : ....................................

..........................................



કાર્ય : ....................................

..........................................

## ૪. ખાલી જગ્યામાં યોગ્ય અક્ષર લખીને વ્યવસાયિકોના નામ પૂર્ણ કરો.

૧. વૈ ____ ____ક

૨. ____જને ____

૩. દુ____ ____ ____ર

૪. અ ____ને ____

૫. ન્યા ____ધી____

૬. ક____કા ____

## ૫. તમારા પરિસરમાં જોવા મળતા, આવા કેટલાક કાર્યો કરનારા લોકોના કાર્યોની યાદી બનાવો.

.................................................................................................................

.................................................................................................................

.................................................................................................................

.................................................................................................................

.................................................................................................................

.................................................................................................................

.................................................................................................................

.................................................................................................................

.................................................................................................................

.................................................................................................................

.................................................................................................................

.................................................................................................................

- પરિસરમાં વિવિધ કાર્યો કરનાર વ્યક્તિઓને શાળામાં બોલાવી, વિદ્યાર્થીઓને તેમની મુલાકાત લેવાની તક પૂરી પાડવી.

# ૮. કાર્યોના ઉપયોગ

આપણા પરિસરની વ્યક્તિઓ વિવિધ કાર્યો કરે છે, તે કાર્યો દ્વારા એકબીજાને મદદ થાય છે તેથી દરેક કાર્ય મહત્વનું હોય છે.

**મારી કૃતિ**

**૧. નીચેના ચિત્રોમાં વ્યક્તિઓ જુદા જુદા કાર્યો કરે છે. તે કાર્યોના નામ જણાવો અને તેનો આપણને થતો ઉપયોગ લખો.**











ચિત્રોમાં દર્શાવેલા કાર્યોના ઉપયોગ

૧. ..................................  ૨. ..................................

૩. ..................................  ૪. ..................................

૫. ..................................  ૬. ..................................

૭. ..................................  ૮. ..................................

૨. આ સિવાય અન્ય કયા કાર્યો માટે આપણને મદદની જરૂર પડે છે, તેની યાદી તૈયાર કરો.

..................................................

..................................................

..................................................

..................................................

૩. એક શબ્દમાં ઉત્તર લખો.

૧) વાહન ધોવાનું સ્થળ ..........................

૨) વાહનવ્યવહાર વ્યવસ્થિત કરનાર ..........................

૩) ઘરે-ઘરે પત્ર, પાર્સલ પહોંચાડનાર ..........................

૪) સામાન વેચનાર ..........................

૫) બસમાં ટિકિટ આપનાર ..........................

૬) અનાજ ઉગાડનાર ..........................

૪. મોટા થઈને તમને શું બનવું ગમશે?

..................................................

..................................................

..................................................

..................................................

## ૫. કોષ્ટક પૂર્ણ કરો.

| વ્યક્તિ | કાર્ય | ઉપયોગ |
|---|---|---|
| શિક્ષક | બાળકોને ભણવામાં મદદ કરે છે. | બાળકો સમજદાર બને છે. |
| ખેડૂત | ____________ | અનાજ મળે છે. |
| ____________ | રોગોની સારવાર કરે છે. | બીમારી દૂર થઈ આપણે સ્વસ્થ થઈએ છીએ. |
| સફાઈકામદાર | રસ્તાની સફાઈ કરે છે. | ____________ |
| ટ્રાફિક પોલિસ | ____________ | વાહનવ્યવહાર સરળતાથી ચાલે છે. |
| ટપાલી | ____________ | લોકોને સમયસર પત્રો અને પાર્સલ મળે છે. |
| દુકાનદાર | દૈનિક વપરાશની વસ્તુઓ વેચે છે. | ____________ |
| બાગકામ કરનાર | ____________ | બગીચો સુંદર અને સુશોભિત રહે છે. |
| ઇલેક્ટ્રિશિયન | વીજળીના ઉપકરણો દુરસ્ત કરે છે. | ____________ |
| પ્લંમ્બર | નળ દુરસ્ત કરે છે. | ____________ |

અ. ધ્યે. ૧
ક્ષ. ૨.૧
અ. નિ. ૬

• વિવિધ વ્યક્તિઓના કાર્યોનો ઉપયોગ સમજાવીને કહેવું.

## ◈ મારું મનગમતું કાર્ય

**૬. નીચે આપેલા વિવિધ વ્યવસાયિકોના કાર્યોમાંથી તમને ગમતા કાર્ય નીચે ✓ કરો.**

☐ 

☐ 

☐ 

☐ 

☐ 

☐ 

- વિદ્યાર્થીઓને તેમના મનગમતા કાર્ય વિશે માહિતી પૂછવી.
- વિવિધ વ્યવસાયિકોનો અભિનય કરાવવો. તેઓ કયું કાર્ય કરી રહ્યા છે તે ઓળખવાની રમત રમાડવી.

# ૯. હસ્તકલા

બીજા પ્રત્યે લાગણીઓ વ્યક્ત કરવા માટે, શુભેચ્છા આપવા માટે ભેટકાર્ડનો ઉપયોગ થાય છે.

## મારી કૃતિ

### ૧. ભેટકાર્ડ તૈયાર કરવું

નીચે આપેલા સાધનોનો ઉપયોગ કરીને ચિત્રમાં દર્શાવેલા ક્રમ પ્રમાણે કૃતિ કરો.

**સાધન - સામગ્રી**

ગુલાબી કાર્ડપેપર, સફેદ કાર્ડપેપર, કાતર, ગુંદર, સ્કેચપેન, ગ્લિટર પેન વગેરે.






૨. શિક્ષક દિનના દિવસે શિક્ષકોને આપવા માટે ભેટકાર્ડ તૈયાર કરો.

૩. રંગીન કાગળમાંથી પક્ષી તૈયાર કરો.




- ભેટકાર્ડ તૈયાર કરવા માટે જરૂરી સાધન લાવવા માટે કહેવું.
- સાધનનો સુરક્ષિત રીતે ઉપયોગ કરવા જણાવવું.

અ. ધ્યે. ૪
ક્ષ. ૪.૧
અ. નિ. ૨૨

◈ માટીની વસ્તુઓ બનાવવી

## ૪. આપેલા ક્રમ અનુસાર કૃતિ કરીને માટીનો મોબાઇલ તૈયાર કરો.

**સાધન – સામગ્રી**

| | | |
|---|---|---|
| ૧. નરમ માટી | ૨. પાણી | ૩. માટી પલાળવા માટે વાસણ |
| ૪. સુશોભન માટે રંગ | ૫. હાથ લૂછવા માટે કપડું | ૬. બ્રશ |



૧. માટી પલાળવી



૨. માટી મસળવી



૩. હાથથી આકાર આપવો



૪. વસ્તુ સુકવવી



૫. વસ્તુને રંગ કરવો.

- વિદ્યાર્થીઓને ફળો, વસ્તુઓ, રમકડાં વગેરે બનાવવા માટે કહેવું.
- વિદ્યાર્થીઓએ તૈયાર કરેલ વસ્તુઓનું પ્રદર્શન રાખવું.

અ. ધ્યે. ૧
ક્ષ. ૧.૨
અ. નિ. ૭

# ૧૦. આપણું વર્તન : સકારાત્મક વર્તન

રાહુલે રમી લીધા પછી રમકડાં વ્યવસ્થિત રીતે તેમની જગ્યાએ મૂકી દીધા. આ જોઈને તેની મમ્મી ખૂબ ખુશ થયાં અને તેમણે રાહુલને શાબાશી આપી. અનન્યાનો પગ ભૂલથી દાદાના ચશ્માંને લાગ્યો, તેણે તરત 'માફ કરો' કહ્યું અને ચશ્માં ઉપાડીને વ્યવસ્થિત મૂકી દીધા. આ સકારાત્મક વર્તનના ઉદાહરણો છે.

## મારી કૃતિ

**સકારાત્મક વર્તન એટલે જ સારું વર્તન.**

**૧. નીચેના ચિત્રોનું નિરીક્ષણ કરી યોગ્ય વર્તનની નીચે ✓ કરો.**


☐


☐


☐


☐


☐


☐

## ૨. તમે શું કરશો?

૧) દાદા વર્તમાનપત્ર વાંચવા માટે ચશ્માં શોધી રહ્યા છે.

..............................................................................................................

૨) મમ્મી બજારમાંથી સામાનની થેલીઓ લઇને આવી રહી છે.

..............................................................................................................

૩) પપ્પા ઑફિસેથી ઘરે આવ્યા છે.

..............................................................................................................

૪) ઘરે મહેમાન આવ્યા છે.

..............................................................................................................

૫) ઘરમાં એકાદ રૂમમાં કોઈ નથી, છતાં લાઇટ અને પંખા ચાલુ છે.

..............................................................................................................

૬) રસ્તા પર કેળાની છાલ પડી છે.

..............................................................................................................

૭) ઘરમાં વર્તમાનપત્રો, માસિકપત્રો અને પુસ્તકો વેરવિખેર પડ્યા છે.

..............................................................................................................

૮) કુંડાનો છોડ સૂકાઈ રહ્યો છે.

..............................................................................................................

૯) દફ્તર નીચે પડવાથી તેમાંની નોટબુક અને પાઠ્યપુસ્તકો બહાર આવી ગયા.

..............................................................................................................

૧૦) ઘરમાં પાણીનો નળ ચાલુ છે.

..............................................................................................................

અ. ધ્યે. ૨
ક્ષ. ૨.૧
અ. નિ. ૦૮

- ચિત્રોના આધારે સકારાત્મક વર્તન વિશે બાળકો સાથે વાતચીત કરવી.

## ◈ સકારાત્મક અનુકરણ

કુટુંબ અને સમાજની વ્યક્તિઓના સારા ગુણો અને આદતોનું નિરીક્ષણ કરીને તે મુજબ વર્તવું, તેને જ સકારાત્મક અનુકરણ કહેવાય છે.









### મારી કૃતિ

**તમે તમારા કુટુંબના વડીલોના કયા સારા વર્તનનું અનુકરણ કરો છો? તે લખો.**

___________________________________________

___________________________________________

___________________________________________

- 'અનુકરણના પ્રસંગો વિશે ચર્ચા કરવી. તેમાં રહેલી સકારાત્મક વર્તણૂકની કૃતિઓનો અભિનય કરાવવો.

અ. ધ્યે. ૨

ક્ષ. ૨.૧

અ. નિ. ૦૯

# ૧૧. કુટુંબ અને સુરક્ષા

## મારી કૃતિ

### ૧. ચાલો ગીત ગાઈએ

મારું કુટુંબ, સુંદર કુટુંબ,
વહાલ કરનારું મારું કુટુંબ!
મમ્મી-પપ્પા, બહેન-ભાઈ,
દાદા-દાદી છે રોનક ઘરની!





ઘરની સુરક્ષા - આપણી જવાબદારી,
રાખીશું આપણે એની સાવધાની!
અજાણી વ્યક્તિને દરવાજે જ રોકીશું,
કુટુંબ સુરક્ષાના નિયમો પાળીશું!

પાણીનો નળ હોય કે વીજળી ગૅસનું બટન,
સંભાળીને ઉપયોગ કરીશું સહુ જન!
ઘરની બહાર જતા દરવાજે તાળું લગાવીશું,
બારી-બારણાં બંધ કરીશું!

એકબીજાની રાખીશું કાળજી,
સુરક્ષા છે મહત્ત્વની, મારા ઘરની!



**આપણા ઘરની સુરક્ષા, ઘરમાં રહેતા દરેક વ્યક્તિની જવાબદારી છે.**

- કુટુંબ અને સભ્યોની સુરક્ષા સંબંધિત નાની વાર્તાઓ કહીને બાળકો પાસે અભિનય કરાવવો.

## ૨. કહો જોઈએ

૧) અજાણી વ્યક્તિ દરવાજે આવે ત્યારે તમે શું કરશો?

..............................................................................................................

૨) ઘરની બહાર જતી વખતે તમે કઈ કાળજી લેશો?

..............................................................................................................

૩) પાણીનો નળ અથવા વીજળીના સાધનો વાપરતી વખતે તમે કઈ કાળજી રાખશો?

..............................................................................................................

૪) તમારા ઘરમાં સુરક્ષા માટે મમ્મી-પપ્પા શું કરે છે?

..............................................................................................................

૫) કુટુંબની સુરક્ષા માટે શું કરવું જોઈએ એવું તમને લાગે છે?

..............................................................................................................

## ૩. ક્યા ક્યા પ્રસંગે સુરક્ષા રાખવી પડે છે તે લખો.

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

## ૪. તમારી નોટબુકમાં નીચેના સંપર્ક ક્રમાંક (મોબાઇલ નંબર) લખીને મોઢે કરો.

- મમ્મી –
- પપ્પા –
- પાડોશી અથવા સગા-સંબંધી –
- વર્ગશિક્ષક –
- આચાર્ય –

### આપાતકાલીન ક્રમાંક

- પોલીસ – ૧૦૦
- એમ્બ્યુલન્સ – ૧૦૨
- નાના બાળકો અને માતાઓ માટે એમ્બ્યુલન્સ – ૧૦૮
- અગ્નિશામક દળ – ૧૦૧
- ચાઇલ્ડ હેલ્પલાઇન નંબર – ૧૦૯૮



- વિદ્યાર્થીઓએ આપેલા જવાબો વિશે ચર્ચા કરવી.

## પ્રથમોપચાર પેટી

આપણા કુટુંબની કોઈ પણ વ્યક્તિને તાત્કાલિક ઇલાજની જરૂર હોય, ત્યારે પ્રથમોપચાર પેટી આપણને ઉપયોગી નીવડે છે. કાપો પડે, છોલાઈ જાય, દાઝી જવાય કે નાની-મોટી ઈજા થાય ત્યારે આમાં રહેલ સાહિત્યનો ઉપયોગ કરીને આપણે ઘેરબેઠા કામચલાઉ અને તાત્કાલિક ઇલાજ કરી શકીએ છીએ. ઘરમાં રહેલા વડીલોના માર્ગદર્શન હેઠળ જ પ્રથમોપચાર પેટીના સાહિત્યનો ઉપયોગ કરવો જોઈએ.

### પ્રથમોપચાર પેટીમાં જરૂરી સાહિત્ય

કપાસ (રૂ), મલમ (જખમ પર લગાવવાનો, દાઝ્યા પર લગાવવાનું વગેરે), પાટો (બૅન્ડેજ), કાતર, થર્મોમીટર (તાપમાન માપક), બિટાડાઈન, ડેટૉલ, બૅન્ડ-એઇડ, સેફ્ટી પિન, રૂમાલ અને જલસંજીવની (ઓરલ રિહાઇડ્રેશન સોલ્યુશન) વગેરે.




**૫. નીચેનું સાહિત્ય જેના માટે વપરાય છે, તેની સામે આપેલા ચોરસમાં ✓ કરો.**

| સાહિત્ય | ૧. | અથવા | ૨. | |
|---|---|---|---|---|
| જંતુરહિત કપાસ | જખમ સાફ કરવા | | તાવ માપવા | |
| કાતર | મલમ લગાવવા | | બૅન્ડેજ કાપવા | |
| જલસંજીવની(ORS) | શરીરનું નિર્જલીકરણ દૂર કરવા તેમજ થાક દૂર કરવા માટે | | જખમ ધોવા માટે | |
| મીઠાનું પાણી | તાવ આવે ત્યારે કપાળ પર પટ્ટી મૂકવા | | જખમ પર લગાવવા | |
| બિટાડાઈન | શરબત બનાવવા | | જંતુનો સંસર્ગ રોકવા માટે | |

## ૬. યોગ્ય ચિત્રની નીચે ✓ કરો.

| | | |
|---|---|---|
| જખમ પર બાંધવા માટે વપરાય છે. |  પાટો (બેન્ડેજ) |  કાગળ |
| | | |
| જખમ પર લગાવવા માટે વપરાય છે. |  મલમ | મીઠું  |
| | | |
| તાવ માપવા માટે વપરાય છે |  ફૂટપટ્ટી |  થર્મોમીટર |
| | | |

## ૭. નીચેનાં સાધનોનાં ચિત્રોનું નિરીક્ષણ કરી તેમના ઉપયોગ વિશે માહિતી મેળવો.



લોહીમાં રહેલ સાકર માપવાનું મશીન



લોહીમાં રહેલ ઓક્સિજન માપવાનું મશીન


રક્તદાબ માપવાનું મશીન

- પ્રથમોપચાર પેટીમાંના સાહિત્યનો પરિચય કરાવી, તેના ઉપયોગો જણાવવા, બાળકોને તે વસ્તુઓ પ્રત્યક્ષ હાથમાં આપવી. સાધનોનો ઉપયોગ કેવી રીતે કરવો તે પ્રત્યક્ષ કરી બતાવવું.
- સાહિત્ય વાપરવાની અંતિમ તારીખ (એક્સપાયરી ડેટ) જોઈને જ યોગ્ય સાધનો પ્રથમોપચાર પેટીમાં રાખવા.

અ. ધ્યે. ૨
ક્ષ. ૨.૧
અ. નિ. ૧૦

# ૧૨. સામાજિક વર્તનના નિયમો

પરિસરમાં ફરતી વખતે આપણી કેટલીક કૃતિઓને લીધે અન્ય લોકોને તકલીફ થવાની શક્યતા હોય છે, તેથી અન્ય લોકોને ત્રાસ થાય તેવું વર્તન આપણે ટાળવું જોઈએ.

**મારી કૃતિ**

**૧. નીચેનાં ચિત્રો જુઓ. યોગ્ય પ્રવૃત્તિ નીચેના ચોરસમાં ✓ અને અયોગ્ય પ્રવૃત્તિ નીચેના ચોરસમાં ✗ કરો.**

















- યોગ્ય સામાજિક વર્તન અંગે ચર્ચા, વાતચીત કરવી અને યાદી તૈયાર કરવી.

૨. યોગ્ય અને અયોગ્ય કૃતિઓ ઓળખો. યોગ્ય કૃતિ સામે ✓ અને અયોગ્ય કૃતિ સામે ✕ કરો.

૧) દવાખાનામાં મોટા અવાજે વાતો કરવી. [ ]

૨) રસ્તો ઓળંગતી વખતે ઝેબ્રા ક્રોસિંગનો ઉપયોગ કરવો. [ ]

૩) સાર્વજનિક બગીચાના ફૂલો તોડવા. [ ]

૪) પ્રાણીઓ અને પક્ષીઓને નુકસાન (ઈજા) પહોંચાડવું નહીં. [ ]

૫) રસ્તા પર થૂંકવું જોઈએ નહીં. [ ]

## ૩. ચિત્રનું નિરીક્ષણ કરો અને તમે શું કરશો તે લખો.



૧) મિત્ર શાળાની પાટલી પર પરિકર વડે કોતરી રહ્યો છે.

– ........................................

૨) સાર્વજનિક સ્થળે પાણીના નળ ચાલુ છે અને પાણી વહી રહ્યું છે.

– ........................................





૩) બસમાં વૃદ્ધ દાદા ઊભા છે અને તમે સીટ પર બેઠા છો.

– ........................................

## ૪. ચિત્રોનું નિરીક્ષણ કરીને ટ્રાફિકના નિયમો વિશે ચર્ચા કરો.













- ટ્રાફિકના નિયમો વિશે માહિતી આપવી. કારમાં ચાઈલ્ડ સીટ બેલ્ટ લગાવવા. દ્વિચકી વાહન પર નાના બાળકોને લઈ જતી વખતે બેબી કેરિઅર (કાંગારું) વાપરવું, જેવા સુરક્ષા સંબંધિત સૂચનો આપવા.
- ટ્રાફિક નિયમોનો વિષયક ભૂમિકાનો અભિનય કરાવવો.

રસ્તા પર વાહનવ્યવહાર સરળતાથી ચાલે તે માટે ટ્રાફિકના નિયમો અને ચિહ્નો બનાવવામાં આવ્યા છે. આ ટ્રાફિકના નિયમો અને ચિહ્નોનું દરેક વ્યક્તિએ પાલન કરવું જ જોઈએ.

**૫. તમારા પરિસરમાં રસ્તે જતી વખતે નીચેના ચિહ્નો દેખાય છે કે નહીં તે જુઓ અને તેમના વિશે માહિતી મેળવો.**

૧) થોભો




૨) આગળ શાળા છે



૩) પ્રવેશ બંધ



૪) સાંકડો પુલ



૫) રેલવે માર્ગ (રેલવે ક્રોસિંગ)



૬) વાહન ઊભા રાખવાની મનાઈ (નો પાર્કિંગ)



૭) ગતિરોધક (સ્પીડ બ્રેકર)



૮) પાદચારી માર્ગ (ઝેબ્રા ક્રોસિંગ)



૯) આગળ જવાની મનાઈ (નો ઓવરટેકિંગ)



૧૦) હોર્ન વગાડવાની મનાઈ (નો હોર્ન)



**૬. કાર્ડબોર્ડનો ઉપયોગ કરીને તમે જાણતા હોય તેવા ટ્રાફિકના ચિહ્નો તૈયાર કરો અને તમારી શાળાના પરિસરમાં લગાવો.**

- ટ્રાફિક પોલીસની મુલાકાતનું આયોજન કરવું.
- ટ્રાફિકના ચિહ્નોના ફ્લેશકાર્ડ બનાવડાવી રમત રમાડવી.

અ. ધ્યે. ૨
ક્ષ. ૨.૧
અ. નિ. ૧૧

# ૧૩. કટોકટીની (આપાતકાલીન) પરિસ્થિતિમાં વર્તન

આપાતકાલીન પરિસ્થિતિ એટલે અચાનક આવતુ નૈસર્ગિક અથવા માનવસર્જિત સંકટ. આમાં ભૂકંપ, પૂર, અકસ્માત, આગ લાગવી વગેરેનો સમાવેશ થાય છે.




## મારી કૃતિ

### ૧. ચિત્ર જોઈને પ્રશ્નોના જવાબ આપો

૧) લોકોની ભીડ કેમ જમા થઈ છે? ..............................

૨) કોને ફોન કર્યો હશે? ..............................

૩) કઈ ગાડી આવી છે? ..............................

૪) અગ્નિશામક દળનો ફોન નંબર શું છે? ..............................

૫) અગ્નિશામક દળને જ માટે બોલાવ્યું છે? ..............................

## ૨. તમે જાણતા હો તેવી નૈસર્ગિક આપત્તિ અને માનવનિર્મિત આપત્તિના નામ લખો.

| નૈસર્ગિક આપત્તિ | માનવનિર્મિત આપત્તિ |
|---|---|
| | |
| | |
| | |
| | |
| | |

## ૩. આપાતકાલીન પરિસ્થિતિમાં આપણું વર્તન કેવું હોવું જોઈએ ? તે લખો.

................................................................................

................................................................................

................................................................................

................................................................................

## ◈ આપાતકાલીન પરિસ્થિતિમાં ઉપયોગી સંપર્ક ક્રમાંક

पोलीस - ૧૦૦

અગ્નિશામક દળ - ૧૦૧

ચાઇલ્ડ હેલ્પલાઇન - ૧૦૯૮




એમ્બ્યુલન્સ - ૧૦૨, ૧૦૮

- આપાતકાલીન પરિસ્થિતિની સંકલ્પના સમજાવવી. ભૂકંપ, પૂર, દીવાલ ધસી પડવી, અકસ્માત જેવી આપાતકાલીન પરિસ્થિતિમાં કેવું વર્તન કરવું તેનું પ્રત્યક્ષીકરણ કરાવવું.
- અગ્નિશામક દળ અને એમ્બ્યુલન્સના કર્મચારીઓને પ્રત્યક્ષ બોલાવી મુલાકાત લેવી.

અ. ધ્યે. ૨
ક્ષ. ૨.૨
અ. નિ. ૧૨

# ૧૪. સ્વ-સુરક્ષા : યોગ્ય સ્પર્શ/અયોગ્ય સ્પર્શ

**યોગ્ય સ્પર્શ**

જે સ્પર્શથી આપણને સુરક્ષિત અને આનંદનો અનુભવ થાય તે સ્પર્શ.







**અયોગ્ય સ્પર્શ**

જે સ્પર્શથી આપણને અસ્વસ્થતા, ડર અથવા શરમ અનુભવાય તે સ્પર્શ.







- ચિત્રોની મદદથી સ્વ-સુરક્ષાનો અર્થ સમજાવવો. યોગ્ય સ્પર્શ – ખરાબ સ્પર્શ : વિશે સમજાવવું.

## ◈ સ્વ-સુરક્ષાના નિયમો

મુશ્કેલીના સમયે અથવા અસુરક્ષિત પરિસ્થિતિમાં સુરક્ષાના નીચેના નિયમો હંમેશા યાદ રાખો.



૧. તમારા શરીર પર માત્ર તમારો જ હક છે. તમારી પરવાનગી વગર કોઈને પણ તમને સ્પર્શ કરવાનો અધિકાર નથી.



૨. માતા-પિતાથી કોઈ પણ વાત છુપાવવી નહીં.




૩. મુશ્કેલીના સમયે ના પાડો – જો કોઈ તમને અયોગ્ય સ્પર્શ કરવાનો પ્રયત્ન કરે, તો ડર્યા વગર મોટેથી બૂમ પાડો અથવા મોટા અવાજે ના કહો.



૪. જો કોઈ તમને સ્પર્શને ગુપ્ત રાખવા કહે, તો તે ચોક્કસપણે અયોગ્ય સ્પર્શ (બૅડ ટચ) જ છે.



૫. બધા જ સ્પર્શ હંમેશા ખરાબ હોતા નથી.

૬. જો તમને અસુરક્ષિત લાગે, તો ત્યાંથી તરત જ ભાગી જાઓ. કોઈ સુરક્ષિત જગ્યાએ અથવા ભીડવાળી જગ્યાએ દોડી જાઓ.





૭. તમારી વિશ્વાસુ વ્યક્તિને (મમ્મી, પપ્પા, શિક્ષક, પોલીસ) બનેલી ઘટના વિશે તરત જ જણાવો. જ્યાં સુધી કોઈ તમારું સાંભળે નહીં, ત્યાં સુધી કહેતા રહો.




- યોગ્ય અને અયોગ્ય સ્પર્શ વિશે ચર્ચા કરવી.
- સ્વ-સુરક્ષા કેવી રીતે કરી શકાય તે વિશે ચર્ચા કરવી. વર્ગના પ્રવેશદ્વાર પર ચાઇલ્ડ હેલ્પલાઇન નંબર, મનોદર્પણ અને ટેલી-માનસ હેલ્પલાઇન નંબર દર્શાવવો આવશ્યક છે.
- શાળામાં ઉપલબ્ધ ફરિયાદ પેટી વિશે માહિતી આપવી.

અ. ધ્યે. ૨
ક્ષ. ૨.૩
અ. નિ. ૧૩

# ૧૫.પરિસરના વ્યવસાયોની ઓળખ

દરેક વ્યક્તિ કોઈ કાર્ય કરીને પોતાનું અને પોતાના પરિવારનુ જીવનનિર્વાહ કરે છે. તેને વ્યવસાય કહેવામાં આવે છે. તેમાંથી કેટલાક વ્યવસાયનાં ચિત્રો નીચે આપેલાં છે.

## મારી કૃતિ

**૧. નીચેનાં ચિત્રોનું નિરીક્ષણ કરો અને તે વ્યવસાયો વિશે માહિતી આપો.**















૨. ઉપર આપેલા ચિત્રો સિવાયના અન્ય વ્યવસાયિકોના ચિત્રો ભેગા કરીને અહીં ચોંટાડો.

અ. ધ્યે. ૨

ક્ષ. ૨.૩

અ. નિ. ૧૪

• શાળાની નજીકના વ્યાવસાયિક સ્થળોની ક્ષેત્ર મુલાકાત લેવી અને સંબંધિત વ્યવસાયિકોની મુલાકાત લેવી.

## ◈ પરિસરના પરંપરાગત વ્યવસાયો

પેઢી દરપેઢી જે વ્યવસાય કરવામાં આવે, તે વ્યવસાયને પરંપરાગત વ્યવસાય કહેવામાં આવે છે.

### મારી કૃતિ



**૧. હું શું કરું છું?**





..........................

..........................





..........................

..........................





..........................

..........................

## ૨. તમે જાણતા હો તેવા વિવિધ પરંપરાગત વ્યવસાયોની યાદી બનાવો.

................................................................................................

................................................................................................

................................................................................................

................................................................................................

................................................................................................

## ૩. તમારા ઘર/શાળાની નજીકના પરંપરાગત વ્યવસાયના સ્થળની મુલાકાત લો. ત્યાંના વ્યવસાયિક પાસેથી તેમના કામ વિશે માહિતી મેળવતી વખતે નીચેના પ્રશ્નો પૂછો.

૧) તમે શું કામ કરો છો?
૨) આ કામ માટે તમને કયા-કયા સાધનોની જરૂર પડે છે?
૩) શું તમારા દાદા-દાદી પણ આ જ વ્યવસાય કરતા હતા?
૪) તમે કઈ-કઈ વસ્તુઓ બનાવો છો?
૫) તૈયાર થયેલી વસ્તુઓ તમે ક્યાં વેચો છો?

◆ **મેળવેલી માહિતી અહીં નોંધો.**

................................................................................................

................................................................................................

................................................................................................

................................................................................................

................................................................................................

................................................................................................

................................................................................................

................................................................................................

................................................................................................

- ચિત્રો બતાવીને વિવિધ વ્યવસાયો સમજાવવા.
- આ વ્યવસાયોને પરંપરાગત વ્યવસાય કેમ કહેવાય છે તે કહીને અન્ય વ્યવસાયો વિશે માહિતી આપવી.
- શાળાની નજીકના પરંપરાગત વ્યવસાયના સ્થળની મુલાકાત લઈને ત્યાંના વ્યવસાયિકોની મુલાકાત લેવા કહેવું.

અ. ધ્યે. ૩
ક્ષ. ૩.૧
અ. નિ. ૧૫

## ◈ પરિસરના આધુનિક વ્યવસાય

બદલાતા સમય સાથે અને આપણી બદલાતી જરૂરિયાતો મુજબ વ્યવસાયોમાં પણ પરિવર્તન આવ્યું છે. આવા નવા સ્વરૂપના વ્યવસાયોને આધુનિક વ્યવસાય કહેવામાં આવે છે.

### મારી કૃતિ

**૧. નીચે આપેલા ચિત્રોમાં દર્શાવેલા વ્યવસાયોને ઓળખી નામ લખો.**




............................................................................................



..............................................



..........................................................



..........................................................



૨. આધુનિક વ્યવસાયોના ચિત્રો ભેગા કરીને અહીં ચોંટાડો.

૩. નજીકના આધુનિક વ્યવસાયના સ્થળની મુલાકાત લો. વ્યવસાયિકોને પૂછવા માટે પ્રશ્નાવલી તૈયાર કરો. તે વ્યવસાયિકોની મુલાકાત લઈને અહીં નોંધ કરો.

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

અ. ધ્યે. ૩

ક્ષ. ૩.૧

અ. નિ. ૧૬

- આધુનિક વ્યવસાય વિશે માહિતી આપવી.

## ◈ વ્યવસાયોમાં ભિન્નતા

### મારી કૃતિ

**૧. આપેલાં ચિત્રોનું નિરીક્ષણ કરો અને તે વ્યવસાયોમાં રહેલી ભિન્નતા ઓળખો.**










- ચિત્ર બતાવીને એક જ પ્રકારના બે વ્યવસાયો વચ્ચેનો તફાવત પૂછવો.

## ૨. શબ્દકોયડો

આડાઅવળા આપેલા અક્ષરોને યોગ્ય ક્રમમાં ગોઠવીને વ્યવસાય ઓળખો.

૧. સં ન શુ વ ર્ધ પ –

૨. મા મ કા ટી –

૩. ગ કા રં મ –

૪. ગ કા બા મ –

૫. મા મા રી છી –



## ૩. આપેલા ચોરસમાંથી વ્યાવસાયિકોના નામ શોધો.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ઇ | જ | ને | ર | પા | ચિ | ત્ર | કા | ર |
| ટ | હી | રા | ન | સો | કા | પો | ળ | સ |
| વા | અ | ગ્નિ | વી | ર | ટ | લી | લા | વ |
| મી | ડૉ | ષ | મેં | મૈ | ક | સ | ડૉ | લી |
| ક | શિ | ર | ઘે | ઢ | દે | ત્રી | ક્ટ | વા |
| ર | કા | ક્ષ | તે | ક્ટ | પા | તો | ર | દ |
| મ | સૈ | ઔ | ક | આ | ર | ળ | ઇ | ક |
| ળ | તે | નિ | સ | ર | પ | ટા | વા | ળો |
| કા | વ | ડ | ક | દુ | કા | ન | દા | ર |

અ. ધ્યે. ૩

ક્ષ. ૩.૧

અ. નિ. ૧૭

• પરંપરાગત અને આધુનિક વ્યવસાયો વચ્ચેનો તફાવત સમજાવવો.

# ૧૬. શ્રમપ્રતિષ્ઠા

દરેક વ્યક્તિ કોઈ ને કોઈ વ્યવસાય કરીને પૈસા કમાય છે. આપણા માટે દરેક વસ્તુ જાતે બનાવવી શક્ય નથી. તેના માટે આપણે એકબીજાની મદદ લેવી પડે છે. તેથી દરેકનું કાર્ય મહત્વનું છે.

જેમ કે –

૧. સફાઈ કામગાર કચરો એકઠો કરે છે.

૨. ખેડૂત અનાજ પકવે છે.

૩. શિક્ષક અધ્યાપન કરીને વિદ્યાર્થીઓને અધ્યયનમાં મદદ કરે છે.

૪. ફાયરમેન આગ ઓલવે છે.

૫. ડૉક્ટર બીમારીનો ઈલાજ કરે છે.

- **દરેક વ્યક્તિ પોતાનું કામ કરતી હોવાથી આપણું જીવન સરળતાથી ચાલે છે.**
- **આપણે દરેકના કાર્યનો આદર કરવો જોઈએ.**

## મારી કૃતિ



૧) તમારી શાળાના પટાવાળા ભાઈ, માસી કે સફાઈ કામગારને આપવા માટે, કાગળના સુંદર પુષ્પગુચ્છ તૈયાર કરો. તેમને આપીને તેમનો આભાર માનો.

૨) દેશના સૈનિકોને મોકલવા માટે રાખડી તૈયાર કરો અને તેના પર સુંદર આભાર સંદેશ લખો.





- કાર્ય અને કાર્ય કરનાર વ્યક્તિનો આદર કરવો જરૂરી છે, તે સમજાવવું.
- વ્યવસાયિકો અને સહાયકો કામ ન કરે તો શું થાય તે વિશે ચર્ચા કરવી.
- પુષ્પગુચ્છ, રાખડી, ભેટકાર્ડ તૈયાર કરી આપવા.

અ. ધ્યે. ૩
ક્ષ. ૩.૧
અ. નિ. ૧૮

## રંગીન કાગળમાંથી પુષ્પગુચ્છ

કાગળમાંથી ઘણા પ્રકારની આકર્ષક રચનાઓ તૈયાર કરી શકાય છે. મિત્રોને આપણા પોતાના હાથે બનાવેલો પુષ્પગુચ્છ ભેટ આપવામાં આવે તો તેમને ખૂબ જ ગમશે, તેથી આજે આપણે રંગીન કાગળોનો ઉપયોગ કરીને ફૂલોનો પુષ્પગુચ્છ તૈયાર કરવાના છીએ.





## મારી કૃતિ

નીચે આપેલા સાધનોનો ઉપયોગ કરીને ચિત્રમાં દર્શાવેલા ક્રમ પ્રમાણે કૃતિ કરો.

**સાધન-સામગ્રી** : કાર્ડશીટ, સફેદ ટિશ્યુ પેપર, જુદા જુદા રંગના પાતળા કાગળના ટુકડા, ગુંદર, સ્કેચપેન, વગેરે.



























- પુષ્પગુચ્છ તૈયાર કરવા માટે જરૂરી સામગ્રી લાવવા કહેવું અને નમૂના મુજબ પુષ્પગુચ્છ તૈયાર કરાવવો.

અ. ધ્યે. ૪
ક્ષ. ૪.૧
અ. નિ. ૨૧.૨

# ૧૮. પશુ-પક્ષીઓ સંબંધિત વ્યવસાયો

પ્રાચીન કાળથી મનુષ્ય પ્રાણીઓ અને પક્ષીઓ સાથે મિત્રતા કરીને તેમનો ઉપયોગ ખેતી, પરિવહન, ખોરાક તેમ જ અન્ય જરૂરિયાતો માટે કરતો આવ્યો છે. ગામડાઓમાં અને શહેરોની નજીક કેટલાક પરિવારો ગાય-ભેંસ, મરઘાં કે બકરીઓ પાળીને વ્યવસાય કરે છે અને પોતાના કુટુંબનું ગુજરાન ચલાવે છે. આપણને રોજ મળતું દૂધ, ઈંડા, મધ અને અન્ય ખાદ્યપદાર્થો પ્રાણી પાસેથી મળે છે. આ પદાર્થો વેચીને વિવિધ વ્યવસાયો કરવામાં આવે છે. જેમ કે દુગ્ધવ્યવસાય, મરઘાપાલન, મધ વેચાણ વગેરે.

## મારી કૃતિ



**૧) નીચે પશુ-પક્ષીઓનાં ચિત્રો આપેલા છે. ચિત્રો જોઈને તેમના ઉપયોગો લખો.**

| પશુ-પક્ષી ચિત્ર | ઉપયોગ |
|---|---|
|  | ........................ |
|  | ........................ |
|  | ........................ |
|  | ........................ |

| | |
|---|---|
|  | |
|  | |
|  | |
|  | |

૨. તમારા પરિસરનાં પ્રાણીઓનું નિરીક્ષણ કરીને તેમના ઉપયોગ જણાવો.

૧) કૂતરો ..........

૨) બિલાડી ..........

૩) બળદ ..........

૪) અળસિયું ..........

૫) ગધેડું ..........

### પશુ-પક્ષીઓ સાથે સંકળાયેલા વ્યવસાયો :

### ૩. નીચે આપેલાં ચિત્રનું નિરીક્ષણ કરો અને તેના સંદર્ભમાં વધુ માહિતી આપો.











## ૪. તમારા વિસ્તારમાં પશુ-પક્ષીઓ સાથે જોડાયેલા વ્યવસાયોની ક્ષેત્રમુલાકાત લો.

મુલાકાતનું સ્થળ :

૧. ડેરી/દૂધ વ્યવસાય કેન્દ્ર
૨. મરઘા પાલન કેન્દ્ર/પોલ્ટ્રી ફાર્મ
૩. મધમાખી ઉછેર કેન્દ્ર
૪. ઘરગથ્થું બકરી કે ઘેટાં ઉછેર કેન્દ્ર/ગોટ ફાર્મ

### મુલાકાત પછી નીચેના પ્રશ્નોના આધારે માહિતી લખો.

- તમે કયાં પ્રાણીઓ કે પક્ષીઓ પાળ્યા છે? તેમનાં નામ લખો.
- તેમને શું ખોરાક આપવામાં આવે છે?
- તેમની કાળજી કેવી રીતે રાખવામાં આવે છે?
- કયા પ્રાણીમાંથી શું ઉત્પાદન મળે છે તે જુઓ અને લખો.
- તે ઉત્પાદનોનો સંગ્રહ અને વેચાણ કેવી રીતે કરવામાં આવે છે?
- તમને આમાંથી કયો વ્યવસાય કરવો ગમશે? કેમ?

## ૫. તમારા પરિસરમાં/ગામમાં કયા-કયા વ્યવસાયિક છે તે લખો.

## ૬. નીચેના મુદ્દાઓની મદદથી તમારા પરિસરના કોઈ એક વ્યવસાયી વિશે માહિતી લખો.

મુદ્દા :
- વ્યવસાયિકનું નામ
- તે શું કામ કરે છે ?
- ક્યારથી કરે છે
- કામનો ઉપયોગ
- કુટુંબના કયા કયા સભ્યો વ્યવસાયમાં મદદ કરે છે?

## ૭. જોડકાં જોડો : પ્રાણી અને તેમના તરફથી મળતી વસ્તુઓ

| અ | ઉત્તર | બ |
|---|---|---|
| ગાય | | મધ |
| મધમાખી | | ઊન |
| મરઘી | | દૂધ |
| ઘેટું | | ઈંડાં |



- પરિસરનાં પશુ-પક્ષીઓ સાથે સંકળાયેલા વ્યવસાયના સ્થળોએ વિદ્યાર્થીઓને ક્ષેત્ર મુલાકાત માટે લઈ જવા.
- ક્ષેત્ર મુલાકાતનું આયોજન કરવું અનિવાર્ય છે.

અ. ધ્યે. ૩
ક્ષ. ૩.૨
અ. નિ. ૨૦

# ૧૯. મત્સ્યવ્યવસાય

નદી, નહેરો, બંધ, તળાવ, સમુદ્ર તેમજ ખાનગી તળાવોમાં માછલીઓ જોવા મળે છે. માછલીઓ પકડવી એટલે જ માછીમારી. માછલીઓ પકડવા માટે યાંત્રિક સાધનો (બોટ) તેમજ વિવિધ પ્રકારની જાળીઓનો ઉપયોગ થાય છે. આ પદ્ધતિથી એક જ સમયે ઘણા પ્રકારની અને મોટા પ્રમાણમાં માછલીઓ પકડી શકાય છે.

## માછલીઓના વિવિધ પ્રકાર :


કટલા માછલી


મૃગળ માછલી


મુલેટ માછલી


પાપલેટ માછલી


સુરમઈ માછલી


ચૅનોસ માછલી

કેટલાક મનષ્યો માછલીનો ખોરાક તરીકે ઉપયોગ કરે છે. માછલીઓ બહુ ઝડપથી બગડી જાય છે, તેથી તેને વધુ દિવસો સુધી ટકાવી રાખવા માટે બરફમાં રાખવામાં આવે છે. તાજી માછલીઓ ઉપરાંત સૂકવેલી અને ખારવેલી માછલીઓ પણ ખોરાકમાં વપરાય છે. તાજી માછલીઓનો બજારભાવ સારો મળે છે. મત્સ્ય વ્યવસાયથી રોકડ આવક થાય છે અને સ્થાનિક સ્તરે રોજગારી મળે છે.

### મારી કૃતિ

**૧) તમે જાણતા હો તેવી માછલીઓનાં નામ જણાવો.**

અ. ધ્યે. ૩
ક્ષ. ૩.૨
અ. નિ. ૨૦

- સ્થાનિક માછલી બજારની મુલાકાત લેવી અને માછલીઓ વિશે માહિતી આપવી.

## ૨. સુશોભન

**આપેલા સાહિત્યનો ઉપયોગ કરીને ચિત્રોના ક્રમ અનુસાર કૃતિ કરો.**

**સાધન-સાહિત્ય :** સફેદ કાગળ, પેન્સિલ, ફોતરાં, રંગ, બ્રશ.

















- ફોતરામાંથી વિવિધ સુશોભનની વસ્તુઓ તૈયાર કરાવવી.

# ૨૦. આવશ્યક કૌશલ્યો

કોઈ પણ કામ અસરકારક અને ઉત્તમ રીતે કરવાની ક્ષમતા એટલે કૌશલ્ય. કોઈ વસ્તુની માત્ર માહિતી હોવી પૂરતી નથી, પરંતુ તે માહિતીનો ઉપયોગ કરીને પ્રત્યક્ષ કામ સુંદર રીતે કરવું જરૂરી છે.

જેમ કે, સંગણક વિશેની માહિતી વાંચવી એટલે જ્ઞાન મેળવવું, પરંતુ સંગણકનો પ્રત્યક્ષ ઉપયોગ કરીને કામ કરવું એ કૌશલ્ય કહેવાય છે.

- **હસ્ત કૌશલ્ય** – હાથની મદદથી ચોકસાઈપૂર્વક વિવિધ કાર્યો કરવા. જેમ કે ઘરકામ કરવું, સિલાઈકામ કરવું, હસ્તકલાની સુંદર વસ્તુઓ બનાવવી વગેરે હસ્તકૌશલ્યો છે.





- **સંભાષણ કૌશલ્ય** : બીજાઓ સાથે વાત કરતી વખતે પોતાના વિચારો, લાગણીઓ અને માહિતી સ્પષ્ટ તેમજ પ્રભાવશાળી રીતે પહોંચાડવાની ક્ષમતા.



- **તકનીકી કૌશલ્ય** : કોઈ વિશિષ્ટ સાધન, યંત્ર કે તંત્રજ્ઞાનનો ઉપયોગ કરીને કામ સચોટ રીતે પૂરું કરવાની ક્ષમતા.

**કૌશલ્યોનું મહત્વ :**

- **સ્વાવલંબન** : આપણે બીજા પર નિર્ભર રહેવું પડતું નથી.
- **આત્મવિશ્વાસ** : કોઈ કાર્યમાં ફાવટ આવે, એટલે આપણો આત્મવિશ્વાસ વધે છે.
- **સર્જનશીલતા** : નવી-નવી કલ્પનાઓ સૂઝે છે અને નવી વસ્તુઓ કરવાની ક્ષમતા નિર્માણ થાય છે.

અ. ધ્યે. ૪
ક્ષ. ૪.૧
અ. નિ. ૨૧

- કૌશલ્યનું મહત્વ સમજાવવું.

## ◈ હસ્તકૌશલ્ય : ગિફ્ટ બૉક્સ

તહેવાર, જન્મદિવસ કે અન્ય મહત્વના પ્રસંગોએ આપણે મિત્રોને ભેટ આપીએ છીએ. જો આ ભેટ આપણે જાતે તૈયાર કરેલા સુંદર બૉક્સમાં આપીએ તો તે વધુ મૂલ્યવાન લાગશે. કાર્ડશીટનો ઉપયોગ કરીને આજે આપણે એક નાનું ગિફ્ટ બૉક્સ બનાવતા શીખીશું.

### મારી કૃતિ



**૧. નીચે આપેલ સાધન સામગ્રીનો ઉપયોગ કરીને ચિત્રમાં દર્શાવેલા ક્રમ પ્રમાણે કૃતિ કરો.**

**સાધન સામગ્રી :** કાર્ડશીટ, કાતર, ગુંદર, સ્કેચ પેન, વગેરે.

**કૃતિક્રમ :**



૧


૨


૩


૪


૫


૬


૭


૮




૯



૧૦



૧૧



૧૨



૧૩



૧૪



૧૫



વધુ આકર્ષક બનાવવા માટે ચાંદલા, મોતી વગેરેનો ઉપયોગ કરો.

## સુરક્ષિતતા

- કાતરનો ઉપયોગ સાવધાની પૂર્વક કરવો.

- ગિફ્ટ બૉક્સ માટે જરૂરી સામગ્રી લાવવા માટે કહેવું.
- વિવિધ આકારોનું માપ લેતી વખતે જરૂરી માર્ગદર્શન આપવું.

## ૨. પાંદડા અને ફૂલોની સજાવટ

જુદાજુદા પ્રકારના પાંદડા અને ફૂલોમાંથી સુંદર રચનાઓ કરી શકાય છે. ઉપલબ્ધ પાંદડા-ફૂલોમાંથી રંગોળી, હાર, તોરણ અને ગજરા તૈયાર કરી શકાય છે.

નીચે પાંદડા-ફૂલોની રંગોળી અને સજાવટના ચિત્રો આપેલા છે. તમારા મનગમતા પાંદડા-ફૂલોની સજાવટ અથવા રંગોળી તૈયાર કરો.














## ◈ સંભાષણ કૌશલ્ય

દૈનિક જીવનમાં આપણે આપણી આસપાસ રહેતી જુદી-જુદી વ્યક્તિઓ સાથે વાતચીત કરીએ છીએ. વ્યક્તિઓના પરસ્પર બોલવાને 'સંવાદ' કહેવાય છે. સંવાદ સારો થવા માટે યોગ્ય પદ્ધતિથી બોલવું જરૂરી છે, જેને 'સંભાષણ કૌશલ્ય' કહે છે.




### મારી કૃતિ

**૧. સંવાદ વાંચો અને તેમાંથી યોગ્ય તથા અયોગ્ય સંભાષણ ઓળખો.**

- મિત્ર ૧ : મને તારી વાર્તાની ચોપડી વાંચવા આપીશ?
  મિત્ર ૨ : હા, આ લે!
  મિત્ર ૩ : ધન્યવાદ! ..............................
- દાદી : બેટા, મને આ સરનામું બતાવીશ?
  છોકરી : ના! હું કામમાં છું. બીજા કોઈને પૂછી લો. (ચિડાઈને) ..............................
- સ્ત્રી : હું વસ્તી ગણતરી માટે આવી છું. ઘરમાં કોઈ વડીલ છે?
  છોકરો : ના કાકી, અત્યારે મમ્મી-પપ્પા ઘરે નથી.
  સ્ત્રી : તો તું માહિતી આપીશ?
  છોકરો : (નમ્રતાપૂર્વક) ના કાકી, કૃપા કરીને તમે પછી આવો. ..............................

- શિક્ષક : બાળકો, આપણે બાળસભાનું આયોજન કરવાનું છે.
  છોકરી : સારું સર! ક્યારે રાખવાની છે બાળસભા?
  શિક્ષક : આવતા અઠવાડિયે રાખીએ?
  છોકરો : ચાલશે સર! આવતા શુક્રવારે રાખીએ.
  શિક્ષક : તો... બાળસભાના કાર્યોની જવાબદારી લેવા કોણ કોણ તૈયાર છે?
  છોકરી : હું તૈયાર છું સર.
  છોકરો : હું પણ તૈયાર છું સર.

## ૨. યોગ્ય સંવાદ લખો.

- ગ્રાહક અને દુકાનદાર વચ્ચેની વાતચીત.

- ઘરે મહેમાન આવે ત્યારે તેમની સાથે થતી વાતચીત.

- જુદા-જુદા વિષયો પર સંવાદ તૈયાર કરાવવા.

અ. ધ્યે. ૪
ક્ષ. ૪.૧
અ. નિ. ૨૩

### તકનીકી કૌશલ્ય

સાધનોની મદદથી ચોકસાઈ પૂર્વક કામ કરવાની ક્ષમતા એટલે 'તાંત્રિક કૌશલ્ય'.

### તકનીકી કૌશલ્યનું મહત્વ

તકનીકી કૌશલ્ય

- કામમાં ચોકસાઈ
- સમયની બચત
- અન્ય કાર્યોમાં ઉપયોગ
- ઓછી મહેનતે થતું કાર્ય

### મારી કૃતિ



૧. ઘરમાં રહેલા તાંત્રિક સાધનોની યાદી તૈયાર કરો.

........................................................................................................

........................................................................................................

૨. દૈનિક જીવનમાં તકનીકી કૌશલ્યનો ઉપયોગ કરવાનું મહત્વ જણાવો.

........................................................................................................

........................................................................................................

અ. ધ્યે. ૪
ક્ષ. ૪.૧
અ. નિ. ૨૪

- સંભાષણ દ્વારા તકનીકી કૌશલ્યનું મહત્વ સમજાવવું.

## તકનીકી સાધનો

રોજિંદા જીવનમાં આપણે અનેક સાધનોનો ઉપયોગ કરીને કૃતિ કરીએ છીએ. તેમાંથી કેટલીક કૃતિઓ નીચે આપેલી છે.

**૩. નીચેનાં ચિત્રોનું નિરીક્ષણ કરીને ચિત્રમાં વપરાયેલા સાધનોની યાદી બનાવો અને તેના વિશે ચર્ચા કરો.**



કાતરથી કાગળ કાપવો



રંગોળીના છાપા (બીબાં)ની મદદથી રંગોળી પૂરવી



સોય-દોરાથી હાર બનાવવો



છરી વડે શાકભાજી સમારવાં



બ્રશથી કોડિયાં રંગવાં

# ૨૧. તંત્રજ્ઞાનમાં ફેરફાર

બદલાતા સમય અનુસાર તંત્રજ્ઞાનમાં પણ ફેરફાર થઈ રહ્યો છે.

## મારી કૃતિ

**૧. નીચે આપેલાં ચિત્રોનું નિરીક્ષણ કરો અને તંત્રજ્ઞાનમાં આવેલા ફેરફાર વિશે ચર્ચા કરો.**



ખાંડણી-દસ્તો




મિક્સર



દૂરધ્વનિ/લૅન્ડલાઇન



મોબાઇલ



સાદું ટીવી



એલઈડી



કાળું પાટિયું



ઇન્ટરેક્ટિવ બોર્ડ



સાદું સંગણક




લૅપટૉપ



ચૂલો



ગૅસ



સાઇકલ (જૂની)



ગિયરવાળી સાઇકલ

**૨. પહેલાના સમયમાં અને અત્યારે એક જ કામ માટે ઉપયોગમાં લેવાતી વસ્તુઓની યાદી તૈયાર કરો.**

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

- તંત્રજ્ઞાનમાં થતા ફેરફાર વિશે વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવી.

અ. ધ્યે. ૪

ક્ષ. ૪.૧

અ. નિ. ૨૪

# ૨૨.સંગણકના ભાગોની ઓળખ

આજના સમયમાં ઘણી જગ્યાએ સંગણકનો ઉપયોગ થાય છે. જેમ કે શાળા, કાર્યાલય, બેંક, દવાખાનું વગેરે.

સંગણક ઇલેક્ટ્રોનિક યંત્ર છે. આમાં માહિતી ભેગી કરી શકાય છે, તેના પર પ્રક્રિયા કરી શકાય છે અને જરૂર પડે ત્યારે સંગ્રહેલી માહિતીનો ફરીથી ઉપયોગ કરી શકાય છે. સંગણકના ભાગો અને તેના ઉપયોગો નીચેના ચિત્રમાં આપેલા છે, તેનું નિરીક્ષણ કરો.



**મૉનિટર**

ઉપયોગ – સ્ક્રીન પર માહિતી જોવા માટે



**કી બોર્ડ**

ઉપયોગ – આંકડા, અક્ષરો અને સંખ્યા ટાઈપ કરવા માટે.



**માઉસ**

ઉપયોગ – માહિતી પસંદ કરવા માટે, સ્ક્રોલ કરવા માટે.



**સી.પી.યુ.**

ઉપયોગ – માહિતીનો સંગ્રહ કરવા માટે



**પ્રિન્ટર**

ઉપયોગ – માહિતી છાપવા માટે



**સ્પીકર્સ**

ઉપયોગ – અવાજ સાંભળવા માટે

## મારી કૃતિ

**૧. શબ્દકોયડામાં છુપાયેલાં સંગણકના ભાગોના નામ શોધી તેની ફરતે ગોળ કરો અને લખો.**

| | | | | |
|---|---|---|---|---|
| સં | ગ | ણ | ક | ગ |
| યુ | ટી | પો | મો | ર |
| પી | ર | ની | ત | મા |
| સી | ટ | બો | ઉ | ણ |
| ર | પ્રિં | સ | ઈ | ક |

૧) ............................

૨) ............................

૩) ............................

૪) ............................

૫) ............................

**૨. નીચેનાં ચિત્રમાં કી-બોર્ડ પર જોવા મળતા ક્રમ પ્રમાણે અંક અને અક્ષરો લખો.**



- સંગણકના વિવિધ ભાગો વિશે માહિતી આપવી.
- સંગણકના વિવિધ ભાગોના ઉપયોગો સમજાવવા.

અ. ધ્યે. ૪
ક્ષ. ૪.૧
અ. નિ. ૨૪.૩.૪

## ◈ સંગણક ચાલુ અને બંધ કરવું.

સંગણકના ઉપયોગથી ઘણા કાર્યો સરળ અને ઝડપી થાય છે, તેથી તેનો વ્યાપક ઉપયોગ થાય છે. સંગણક વાપરવા માટે તે કેવી રીતે ચાલુ અને બંધ કરવું તેની માહિતી હોવી જરૂરી છે.

**મારી કૃતિ**

### ૧. સંગણક ચાલુ અને બંધ કૃતિનું નિરીક્ષણ કરો અને જાતે કરી જુઓ.

- **સંગણક ચાલુ કરવું.**

૧. સંગણકનું પ્લગ હોય તે વીજળીનું બટન ચાલુ કરો.

૨. સી.પી.યુ. (CPU) અથવા મોનિટર પરનું પાવર બટન દબાવો.

૩. મૉનિટર ચાલુ થશે. થોડીવાર રાહ જુઓ, એટલે ડેસ્કટૉપ દેખાશે.



- **સંગણક બંધ કરવું.**




૧. સંગણકમાં નીચેની બાજુએ આવેલા સ્ટાર્ટ આઇકોન પર માઉસની મદદથી તીર (કર્સર) લઈ જાઓ.

૨. ત્યાં તમને પાવર પર્યાય દેખાશે.

૩. માઉસની ડાબી બાજુનું બટન દબાવીને પાવર પર્યાય પર ક્લિક કરો.

૪. તમને ત્રણ પર્યાય દેખાશે. સ્લીપ(sleep), શટ્ડાઉન (shut down) અને રિસ્ટાર્ટ. (Restart).

૫. માઉસની ડાબી બાજુનું બટન દબાવીને પાવરમાંના શટ્ડાઉન (shut down) પર્યાય પર ક્લિક કરો. સંગણક સંપૂર્ણ બંધ થાય ત્યાં સુધી રાહ જુઓ.

- **ધ્યાનમાં રાખો.**

> ક્યારેય સંગણકને અચાનક બંધ ન કરવું. હંમેશા શટ્ડાઉન કરીને જ બંધ કરવું.

> શિક્ષકો અથવા વાલીઓની મદદથી જ સંગણક વાપરવું.

> શિક્ષકો કે વાલીની પરવાનગી વગર સંગણકમાં કોઈ પણ માહિતી ડાઉનલોડ કે શેર કરવી નહીં.

- વિદ્યાર્થીઓ પાસે સંગણક વર્ગમા સંગણક ચાલુ કે બંધ કરવાની કૃતિ કરાવવી.

## મારું પાનું

**હું મામા સાથે ગામના મેળામાં ગયો હતો. ત્યાં મને કેટલાંક વ્યવસાયો જોવા મળ્યાં. નીચે આપેલાં ચિત્રમાં તે વ્યવસાય શોધીએ.**



## આપણા પરિસરમાં ચાલતા વ્યવસાય ઓળખીએ.











પ્રિય બાળમિત્રો,

કોઈપણ દ્વારા કરાતા અયોગ્ય સ્પર્શથી જો તમે અસહજતા અનુભવો તો તમારે ચૂપ ન રહેવું જોઈએ. તમે...

૧. આમ થવામાં તમારો કોઈ દોષ નથી, તે યાદ રાખો

૨. તમારી કોઈ વિશ્વાસુ વ્યક્તિને આ બનાવ વિશે જાણ કરો.

૩. તમે પોક્સો ઈ-બૉક્સ મારફત રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગને પણ જાણ કરી શકો છો.

**અયોગ્ય, અસુરક્ષિત સ્પર્શના કારણે તમે મૂંઝવણ અનુભવતા હો, તો એ માટે તમારે દુઃખી થવાની જરૂર નથી. કારણ કે એમાં તમારો કોઈ દોષ જ નથી.**




આ બટન દબાવો.

POCSO e-box સંકેતસ્થળ ncpcr@gov.in પર ઉપલબ્ધ છે.

**તમારી વય ૧૮ વર્ષ કરતાં નાની છે અને તમે કોઈ મુશ્કેલીમાં છો, કોઈ તકલીફ-મૂંઝવણ-તાણ અનુભવો છો અથવા તમે આ પ્રકારનો ત્રાસ સહન કરતાં કોઈ બાળકને જાણો છો તો સંપર્ક કરો.**




બાળ સહાયતા ક્રમાંક - 1098/૧૦૯૮ (દસ નવ આઠ) : ૨૪ કલાક કાર્યરત રાષ્ટ્રીય આપાતકાલીન મફત દૂરધ્વનિ સેવા છે, જે મહિલા અને બાળવિકાસ મંત્રાલય દ્વારા સમર્થિત 'ચાઈલ્ડ લાઈન ઈન્ડિયા' દ્વારા ચલાવાતો ઉપક્રમ છે.

નવા સમાજ તરફ
Towards a new dawn

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે .

कार्यशिक्षण इयत्ता तिसरी (गुजराती माध्यम)

₹ 61.00

